૧.માનવપિંડનું ઘડતર

- શ્રી આઈ.એન.પટેલ

જો તમે તમારા જીવનને ચાહશો તો તે તમને પણ ચાહશે.

- રૂબિનસ્ટીન

આ જિંદગી:

મરજી મુજબ જીવાય તો મ્હેકાય આ જિંદગી
મજબુરીમાં જીવાય તો કરમાય આ જિંદગી
જીવવું એવું કે મરવાની મોજ આવે,
મરવું એવું કે જીવવાની મજા આવે.

આપણી ચારેકોર નજર કરીશું તો નંખાઈ ગયેલા ચહેરા લઈને ઘુમતા મુડદાલ લોકોની ફોજ જોવા મળશે. કારણ કે તેમણે જીવનમાં ધારેલું એકેય સ્વપ્ન સિધ્ધ થયું નથી. અને ન ધારેલી, અનિચ્છિત જિંદગીની આગમાં ધકેલાઈ ગયેલા હોય છે. જીવનમાં બધું જ મજબુરીથી થયેલું હોવાથી જીવનમાંથી ઉત્સાહ, આનંદ ગુમ થઈ ગયેલો જોવા મળે છે. જીવનનું બીજું નામ મજબુરી લાગે ત્યારે જીવન કરતાં મૃત્યુ વહાલું લાગે. ભણવું હતું કંઈક ને ભણાઈ ગયું કંઈક! જીવનના સ્વપ્નો બધા એમ જ રોળાઈ ગયા. માનવ ઘડતરના પાયામાં મૃત્યુને સુધારવાની કળા શીખવી જોઈએ. અહીં તો મૃત્યુનો ડર એવો ધરબાવામાં આવે છે કે માણસ જીંદગીની હરેક પળ મૃત્યુની બીકમાં ગાળતો રહે છે. વાસ્તવમાં એવું જીવન જીવવું જોઈએ કે મૃત્યુ મહોત્સવ બની જાય. એક ફિલોસોફરે સાચું જ કહ્યું છે : **જીવનમાં દરેક પળ એવી રીતે જીવો કે એ જિંદગીની છેલ્લી પળ હોય.**

પણ એવી રીતે જીવવું એ સામાન્ય માણસના બસની વાત નથી. જીવન ઘડતરના પાયામાં રહેલા સત્વને હણી લઈ તેને લાડ લડાવવાનું કહો એ કેટલું વ્યાજબી છે? માણસની મરજીને મારી તેને જીવવા મજબુર કરવાનું રાક્ષસી કામ આપણે કરી રહ્યા છીએ. જીવનની પ્રત્યેક પળ ગમતી મળે એવું જીવન ન જ ખપે પરંતુ જીવનમાં એકાદ પળ ગમતી મળે તોય ઘણું. મરવા વાંકે જીવતા લોકો આમ જ ગાડરીયા પ્રવાહમાં ખેંચાતા રહે છે. તેમની પોતાની ઈચ્છા મરી પરવારી હોય છે.

જેમ મરેલી માછલી પ્રવાહ સાથે વહેતી હોય છે ને જીવતી સામા પ્રવાહે ચાલે છે.

માનવ ઘડતરના પાયામાં જીવનરસને સિંચવાનો છે. સંસારસાગરમાં તણાઈ જવાનું નથી. તેને પાર કરવામાં સામા પ્રવાહે ચાલવું પડે. સમાજનો મોટો વર્ગ મરેલી માછલીની જેમ વહેતા પ્રવાહમાં ઘસડાઈ જાય છે. તેમને પોતાની મરજી મુજબ જીવવાની ઈચ્છા જ મરી પરવારી હોય છે.

બીજાને માટે ઉપકારક બની શકાય એવું જીવવાનું કદીક જો થાય તો જીવનમાં સુગંધ ભળે. પોતાના સુખની શોધમાં નિરંતર રઝળતા લોકોના જીવન મધના કટોરામાં માખીને ડુબાડવા જેવા હાલ થાય, ન મધુરસ માણી શકે, મધુરસમાંથી પોતે છટકી શકે અને એમ કરતાં મૃત્યુનો પડાવ સામે આવી ઊભો રહે. પણ જીવન જીવો તો એવું જીવો.

એવું જીવવું

કોરા ડુંગરડે આવી વરસી ગઈ વાદળી,
જગમાં વરસીને એવું જીવવું હો જી.
ધખિયા વૈશાખી ધોમે કોયલડી શામળી
કૂંજે જીવનમાં એવું કૂંજવું હો જી.
મારગડે લાંબે લાંબે વૃક્ષોની છાંયડી
જગમાં છાઈને એવું જીવવું હો જી.

- હસિત બૂચ



એવું જીવન જીવવાનો મંત્ર છે સમયનું વાવેતર. જિંદગી સમયની બનેલી છે. માનવઘડતરના પાયાની કોઈ મૂલ્યવાન ચીજ હોય તો તે સમય છે. સમય રાજા હોય કે રંક- દરેકને માટે એક સરખો, ચોવીસ કલાકના દિવસ રાત ગણીને આપ્યો છે પછી તમે જાણો. **માણસના હાથે સમયની ત્રણ ગતિ થાય છે. કાં તો સમયને વાપરે છે, માણે છે. અથવા વેડફે છે.** સમયને તમે સાચવી લેશો તો સમય તમને સાચવી લેશે. મોજ મજા એ એક એલચી છે. મુખવાસની ફાકીમાં એકાદ કણ ખપે- એલચીની ફાકી ન મરાય.

જીવન જીવવાની કલા એટલે ઓછી મોજમઝા અને વધુ સહનશીલતાની સમજણ- વિલિયમ હેઝલિટ.

જીવનમાં જેટલી સહનશીલતાની સમજણ વધે તેટલું જીવન ઊર્ધ્વગામી બને. ધરતી પર જન્મ ધરનાર પ્રત્યેક જીવ મહાન છે. જીવનની સોગાદ અમસ્તી નથી મળતી. આ ધરતી તેમને પોષે છે. જીવડાવે છે. વિકસાવે છે. અંતે પોતાનામાં સમાવી પણ લે છે. અનેક નૃપતિઓ વિશ્વ વિજેતા બન્યા, કૈંક સુબા, સરદારો, ધનપતિઓ થયા. તેમના જય જયકાર થયા. દાનવીરો, ભકત શૂરાઓના કીર્તિગાન ગૂંજતા રહ્યા. એમ જ ધરતીના સૂરા સરદારો ધરતીનું ધાવણ ઉજળું કરી ગયા. કેટલાંક આવ્યા ને ગયા. તેમની યાદ પોતે જ ભૂલી ગયા. આ ધરતી એ લોકોની જ આજે શાખ પૂરે છે જે જિંદગી મરજી મુજબ જીવી ગયા. સરદાર પટેલ, વીર ભગતસિંહ પોતાની મરજી મુજબ જીવ્યા અને લોકહૃદયમાં સ્થાન પામી ગયા. જીવનઘડતરના આજના પાઠમાં એક જ વાત વાગોળવી છે. મરજી મુજબનું જીવન જીવવા પ્રકૃતિનો ખોળો ખુંદવો પડે. પછી જુઓ આ ધીંગી ધરતી કોની થાય છે?



કોની છે આ ધીંગી ધરતી?

-કરસનદાસ માણેક

કૈંક શ્રીમંતો ને સરદારો
ઊગ્યા, આથમિયા દરબારો
ચક્રવર્તીઓ થયા ચાતા
બોલાવી ઘડીભર દેકારો
ને એ સૌની મશ્કરી કરતી
હસી રહી આજે યે ધરતી!
એ જ લહેરથી વિશ્વ વિહરતીઃ
કોની છે આ ધીંગી ધરતી?

જીવનઘડતરનું 'પરબ પુષ્પ' અર્પણ કરું છું.



૧.માનવપિંડનું ઘડતર

- શ્રી આઈ.એન.પટેલ

વિજ્ઞાનની સાચી સમજ મળે તો તે કુદરતને પામી શકે છે.વિજ્ઞાન એ પ્રાયોગિક રીતે સિદ્ધ થયેલા જ્ઞાનનું શાસ્ત્ર છે.કુદરતના નિયમ વિરુદ્ધ તે કશું પામી શકતું નથી.માતાના ગર્ભમાં રહેલા બાળકને પારખી શકે છે તેને બદલી શકતું નથી.તેના દુ:ખ દર્દને જાણી શકે છે અને ઈલાજ પણ કરી શકે છે પરંતુ ઘણીવાર વિજ્ઞાન પણ હાથ હેઠા મુકીદે ત્યારે શું કરવું?ત્યારે આપણી લોકસંસ્કૃતિનું અનુભવજ્ઞાન વારે આવે છે.મહાભારતમાં સાત કોઠાના યુદ્ધનો મહાન લડવૈયો અભિમન્યુ માતાના ઉદરમાં રહી તે વિદ્યા પ્રાપ્ત કરી હતી.માતાએ ગ્રહણ કરેલા વિચારો અને વર્તનની અસર બાળક ઉપર અવસ્ય પડે છે પછી તે માતાના ગર્ભમાં વિકસતું હોય કે તેની ગોદમાં ખેલતું હોય.આપણે વિજ્ઞાનયુગની વાત કરીએ તો નેપોલિયન હિલને પત્નિના ગર્ભમાં રહેલ બાળક કાન વગરનું અને બહેરુ જન્મશે એવું ગર્ભ પરીક્ષણથી જાણવા મળ્યું.વિજ્ઞાને માતા પિતાને બાળકની વિકલાંગતાની જાણ કરી એક ઉપકાર કર્યો પરંતુ તેનાથી માતા પિતાની ચિંતા ઓર વધી ગઈ પરંતુ બાળકની વિકલાંગતા જાણ્યા પછી નેપોલિયન હિલ અને તેમના પત્નિએ ગર્ભમાં રહેલ બાળકને પોતાની ભાષામાં દરરોજ કહેવાનું શરૂ કર્યું, 'બેટા તારે બે સુંદર કાન છે, જેનાથી પંખીઓના ટહુકાને મધુર સંગીત સાંભળી શકીશ' આ કોઈ મંત્ર નથી પરંતુ વિકાસતા બાળકની ક્ષતિપૂર્તિ માટે કરેલો પ્રયોગ માત્ર હતો.પુત્ર જન્મ્યો ત્યારે બે સુંદર કાન ધરાવતો અને બધું જ સાંભળી શકતો હતો.વૈજ્ઞાનિકયુગમાં સિદ્ધ થયેલ આ વિદ્યાને આપણા ઋષિઓએ યુગોથી સંસ્કૃતિ સ્વરૂપે સૌને આપી દિધી છે. આપણા ત્યાં અભણ માતાઓ પણ જાણે છે.આ સમયમાં પતિનું જ મુખ જોવું,પતિ-પત્નિ ઉભયપક્ષે સુંદર વિચારો ધરવા,દાન-પૂણ્ય કરવું,દેવ-દર્શન,પૂજા-વ્રત રાખવા,સજ્જનો-વડિલોના આશીર્વાદ મેળવવા વગેરે ક્રિયાઓને ભિન્ન-ભિન્ન ટ્રેડિશનમાં ભારતિય સંસ્કૃતિમાં જોવા મળે છે.આજની મોર્ડન પ્રજા જેને ધુતકારે છે ને અજ્ઞાનતામાં ખપાવે છે તે વાસ્તવમાં વિજ્ઞાનથી પણ ઊંચુ જ્ઞાન છે. પરંતુ આધુનિક યુગમાં બધું જ વિજ્ઞાન અને ડૉકટર પર આધાર રાખી માત્ર દવાઓ જ સુખ સાધક ગણી ચાલનારાઓ એટલું અવશ્ય સમજી લેવું જોઈએ કે વિચારોની ટેબલેટ મળતી નથી પરંતુ વિચારી ન શકો તે માટેના અનેક રસ્તાઓ મળશે .વ્યસન ,કેફી દ્રવ્યો,ઉંઘની ગોળીઓ શા માટે છે?તમે એક સેકન્ડ પણ વિચાર્યા વગર રહી શક્તા નથી પરંતુ તમે શું વિચારો છો એ મહત્વનું છે.જોકે જીવનમાં દરેક ક્રિયા ભાવપૂર્ણ રીતે થવી જોઈએ પરંતુ યાંત્રિકયુગે તેની તાસીર બદલી નાખી છે.આજે માનવી યંત્રવત જીવન જીવે છે.યંત્રોથી ઘેરાયેલો માનવી ભાવશૂન્ય બનતો જાય છે.તેની સીધી અસર હવે જન્મનાર બાળકો પર થઈ રહી છે.અત્યારે જન્મતા બાળકોને મા-બાપ કરતાં યંત્ર પ્રત્યે લગાવ વધું જોવા મળે છે.એક સમય હતો રડતા બાળકને માતા શાંત કરી દેતી આજે રડતા બાળકને શાંત કરવા માટે તેને મોબાઈલ આપવો પડે છે.માતાના ખોળામાં કે ગોદમાં ખેલી વ્હાલપના ગુણો શીખતું બાળક હવે યંત્રવત ચેષ્ટાઓ કરે છે.માતા પિતા પાસે બાળકને લાડકોડથી વાતો કરવાનો સમય નથી.દાદીમાની વાતો કરતાં મોબાઈલમાં આવતા કાર્ટુનમાં રસ વધુ પડે છે.માતાઓને પણ બાળકની આ રમતમાં વિદ્વતા દેખાય છે.હવે જરા મૂળ વાત પર આવીએ ,વિજ્ઞાને જ્યારે બાળકની શારીરિક ખોડખાંપણનું નિદાન કર્યું ત્યારે તેનો ઉપચાર થઈ શકે એમ ન હતો પરંતુ માનવને મળેલા વિચારોની જાદુઈ અસર પોતાના સંતાનો,સાથીઓ પર થઈ શકે છે એ વાત આપણા શાસ્ત્રોમાંથી મળે છે અને એ વિજ્ઞાનયુગમાં પણ સત્ય સિદ્ધ થઈ છે.વિચારોની જાદુઈ અસર માણસ ઉપર જ નહીં જડ ચેતન સૃષ્ટિના તમામ ઘટકો પર થાય છે.ઋષિમુનિએ થોરને કોટા ન ઉગાડવાનો સંકલ્પ કર્યો તો થોરે પોતાના પરના તમામ કંટક ખેરવી નાખ્યા.ગિરનારને સંકલ્પથી ખરતો અટકાવી દે એવા સમૃદ્ધ અને શક્તિશાળી વિચારો માનવ પાસે હતા આજે લુપ્ત થઈ ગયા છે.હવે તો દસ ગુણ્યા બે કરવા પણ કેલ્ક્યુલેટરની જરૂર પડે છે.માનવ યંત્રોનો બંધાણી થઈ ગયો છે.વિચારવા માટેની તક હવે ગૂગલે છીનવી લીધી છે.વિચારોના બળે સર્જેલી દુનિયામાંથી વિચારવાની શક્તિ કાયમ માટે લુપ્ત

થઈ જશે કે શું?પ્રશ્ન વિચારવા જેવો છે પણ વિચારે કોણ?આખો દિવસ ઑફિસમાં વ્યસ્ત લોકો સન-રાઈઝ અને સન-સેટ માટે ખુલ્લા મેદાનો,દરિયા કિનારે કે પર્વતો,ટેકરીઓ પર જાય છે.પવન,પાણી ને પ્રકાશ જીવ જગતને પોષતા રહ્યા છે જેની કિંમત હવે સમજાય છે.એવા સ્થળો હવે પ્રવાસન સ્થળો તરિકે વિકસ્યા છે.હવે તેનું મહત્વ આનંદ પૂરતું રહ્યું છે.સ્ત્રી એક બાળકને જન્મ આપે એટલે તેને માતાનો દરજ્જો મળે.સંતાનના સુખ માટે તે બાળકના જન્મ પછી જેટલી ચિંતા અને મહેનત કરે છે તેના હજારમાભાગની જન્મ પહેલાં કરે તો બાળકની ભાગ્ય રેખા જ બદલાય જાય.બાળકોને શુદ્ધ પ્રકાશ,પવન અને પાણીની જરૂર રહે છે.શું આપણે તેમના માટે તે સાચવ્યા છે ખરા?બાળકો માટે એટલા પ્રકારની ખરીદી કરવામાં આવે છે જાણે ઘર આખું તેનાં રમકડાં,કપડાં ને ઢિંગલા-ઢિંગલીથી ઉભરાતું હોય.બાળકો માટે સાબુ,પાઉડર અને દવાઓની તો જાણે ઘરમાં જ દુકાન લગાવી હોય એમ આખું કબાટ ભર્યું હોય છે.બાળકો પાછળ ખર્ચાતા નાણાંની ચિંતા નથી પરંતુ તેના સ્વાસ્થ્ય,આનંદ-પ્રમોદ બજાર તરફ રુખ કરી ગયો છે.ભણેલા ગણેલા અને સોસાયટી સ્ટેટસ ગણાવતા સભ્ય જનો બાળકો માટેના ખાસ સ્ટોલમાંથી વી.આઈ.પી.ખરીદી કરે છે જે પૈકી સિત્તેરથી એંસી ટકા વસ્તુઓ એમજ વપરાયા વગરની નકામી થઈ જાય છે જેમાં સગા સંબંધીઓ દ્વારા આપવામાં આવતી ગિફ્ટ પણ સામેલ હોય છે.વળી બાળકો માટે ઉપયોગમાં લેવાતી વસ્તુઓ પણ સેઈફ હોતી નથી.બાળક બાહ્ય વાતાવરણ સાથે સંસર્ગમાં આવે છે ત્યારે તેના આંખ,કાન નાક સિવાય બધુંજ કવર કરેલું હોય છે.માતાના ગર્ભમાંથી જન્મ ધરેલ બાળકને ધરતીમાતાની ગોદમાં સોંપી દેવાનો હોય પણ શું આપણે એને સેઈફ રાખી છે ખરી?બાળક પર પવન,પ્રકાશ અને પાણીની અસર થવા દો.તેને રાજાનાં કપડાં પહેરાવી દેવાથી રાજકુંવર બની જતો નથી.માટીના રત્નોને ત્રણે રાજ તત્વો સાથે રમવા દો તોજ ચમકશે.તેમની વૃત્તિઓને દબાવી દેવાના બદલે પ્રકૃતિને અનુરૂપ બનાવો.પ્રકૃતિ પ્રેમી જીવન ઘડતર કરો.તમારા આસપાસના પર્યાવરણને પ્રેમથી સિંચો.પશુ,પક્ષી,જીવજંતુ પર પણ તમારા વિચારો વર્તનની અસર જોવા મળે છે તો પછી તમારા બાળક પર તેની કેટલી અને કેવી અસર થતી હશે? કદી વિચાર્યુ છે ખરૂ?શ્રી રવિન્દ્રનાથ ટાગોરની અદ્‌ભૂત કાવ્ય રચના ગીતાંજલીમાં સંગ્રહાયેલી છે.આ કાવ્ય રચનાને સઆભાર સંસ્કાર ઘડતરના દિવ્ય હેતું અહીં રજુ કરું છું તેનું રસપાન કરશો.

જે બાળકને તું ....

જે બાળકને તું રાજાના જેવા વેશે શણગારે છે
અને જેને તું મણિ અને રત્નોના હાર પહેરાવે છે,
તેનો રમતનો બધો આનંદ ઊડી જાય છે,
તેને વસ્ત્રો અને આભૂષણો ભારે બોજરૂપ થઈ પડે છે.
રખેને આંચકો લાગે ને ફાટી જાય,
ધૂળ લાગે ને ડાઘ પડી જાય,
એ બીકે તે બધાથી દૂર દૂર રહે છે
અને તેને ચાલતાં પણ વિચાર થઈ પડે છે
મા,આવા રાજાના જેવા શણગાર શા કામના?
આ મણિ અને રત્નોના હાર શા કામના?
તું જો બારણાં ખોલી દે તો,
હમણાં હું રસ્તા પર દોડી જાઉં
અને તડકામાં,પવનમાં,ધૂળમાં અને કાદવમાં
રમવા મંડી પડું.
જે બાળકને તું રાજાના જેવા વેશે શણગારે છે
અને મણિ રત્નોના હાર પહેરાવે છે
તે વિશ્વજનના મેળાની દિનભરની વિવિધ રમતોમાં
અને ચોપાસ હજ્જારો સૂરે ગાજતા વિરાટ સંગીતમાં
ભળવાનો અધિકાર ખોઈ બેસે છે.

-ગીતાંજલી

-શ્રી રવિન્દ્રનાથ ટાગોર

૧.માનવપિંડનું ઘડતર

- શ્રી આઈ.એન.પટેલ

કુદરતે બક્ષેલી અણમોલ ભેટ- આંખ... જેણે માનવને પાંખો ન હોવા છતાં ઉડતો, પંખી કરતાં પણ ઊંચે ઉડતો થયો. બાળક તેના પ્રથમ પાંચ વર્ષમાં જેટલું નિરીક્ષણ કરે છે તેના પ્રમાણમા તે આગળ જતાં ઉડાન ભરે છે. અફસોસ આપણે છતી આંખે પણ પંચોતેર ટકા અંધાપો ભોગવીએ છીએ. જેમણે વિશ્વને દૃષ્ટિ આપી એવા જ્ઞાનીજનોના જ્ઞાન, શોધ-સંશોધનોની પાછળ તેમની નિરીક્ષણ ક્ષમતાએ મહત્વનો ભાગ ભજવ્યો છે. વિજ્ઞાને જગતને જે શોધો આપી તેમાં નિરીક્ષણ શકિતએ બહુ મોટો ભાગ ભજવ્યો છે.

- પક્ષીઓને ઉડતા જોઈને વિમાનની શોધ થઈ.
- પાણીમાં તરતાં લાકડાને જોઈને નાવની શોધ થઈ.
- ગબડતા પથ્થરોને વૃક્ષના કાપેલા થડને ડુંગર પરથી ગબડતા જોઈને ચક્રની શોધ થઈ.

વિજ્ઞાને નિરીક્ષણ શકિતને કામે લગાડી વૈજ્ઞાનિક શોધો કરી. યુગદૃષ્ટાઓએ નિરીક્ષણ શકિતથી માનવજાતિની ઉન્નતિ માટે સુસંસ્કૃત જીવનશૈલી વિકસાવી પરંતુ આજે માનવી પાસેથી ક્ષમતાઓ છીનવાઈ ગઈ છે. ગણનયંત્ર (કેલ્ક્યુલેટર)ના ઉપયોગથી ગણનક્ષમતા ગુમાવી, ટીવી, કમ્પ્યુટરના વધુ પડતા ઉપયોગે દૃષ્ટિને કુંઠિત કરી મૂકી છે.

ચકલી, કબૂતર કે કોઈ ઉડતા પક્ષીને નિહાળતા બાળકની આંખો અને તેના ચહેરા પરના ભાવ તમે કદી તપાસ્યા છે ખરા ? તેની નાની નાની આંખો જાણે કુદરતના દિવ્ય સર્જનને જોઈ કેવું પુલકિત થતી હશે મોબાઈલની દુનિયામાં આજે આપણે ! આકાશના તારા, ચંદ્ર, સવારનો સૂર્ય નિહાળવાની તક બાળક પાસેથી છીનવી લીધી છે. બંધ કમરામાં બાળકના હાથમાં મોબાઈલ કે વીડીયોગેમ થમાવી દઈ નિશ્ચિંત રહેતાં મા-બાપ બાળકના વિકાસને કુંઠિત કરી મુકે છે. એ તેમને હમણાં નહીં સમજાય. નિરીક્ષણવૃત્તિ કુદરતી છે તેને ખીલવવાની આપણા હાથની વાત છે. તમે દિવસમાં કેટલી વખત આકાશ તરફ નજર નાખો છો, દૂર ક્ષિતિજ તરફ જોવાનો મોકો મળે છે ખરો? આકાશમાં ઊંચે ઉડતા પક્ષીઓને શાંતિથી નિહાળવાની તક મળી છે ખરી ? વહેતા ઝરણાને કિનારે જઈ તેમાં તરતી માછલીઓને છેલ્લે કયારે જોઈ હતી? રાત્રે આકાશ દર્શન કયારે કર્યું હતું? આ ઘટનાઓ માટે જેની પાસે સમય નથી કે આવી દૃષ્ટિ હવે રહી નથી એ વિચારી લેવાની જરૂર છે. અરે! આપણે રોજબરોજ જેમને મળીએ છીએ તેવા મિત્ર, સબંધી, સહકર્મચારીને ધ્યાનથી જોઈએ છીએ ખરા? આપણી આસપાસની પરિવર્તન પામતી ઘટનાઓનો આપણને ખ્યાલ રહે છે ખરો? આ બધા પ્રશ્નો આજની ભાગદોડભરી જિંદગીમાં જીવતા આધુનિક માનવમાં જ આવશે, અથવા કયારેક કયારેક આવું સદ્નસીબ મળે એવું બને પણ ખરું . આપણા માટે ભલે આવી દુનિયા ડૂબી ગઈ માનો પણ નવાં જન્મેલાં બાળકોનું શું? બાળક પોતાની આસપાસના બનાવો, ઘટનાઓ, દૃશ્યો નિહાળતો રહે છે અને તેમાંથી તે શીખે છે. તે રીતે તેની નિરીક્ષણ ક્ષમતા વિકસાવે છે. તેને બંધ કમરામાં પૂરી ઈલેક્ટ્રોનિક્સ યંત્રોનો ગુલામ બનાવવાની રખે ચેષ્ટા કરતા. યાદ રાખો... બાળક પોતાનાં પહેલાં પાંચ વર્ષમાં જેટલું શીખે છેતેટલું જીવનના અન્ય ગાળામાં તે શીખી શકતો નથી. નિરીક્ષણક્ષમતા કેળવવા આટલું કરીએ....

- ખુલ્લા આકાશમાં નીચે ઉભા રહી નજીકની વસ્તુઓ નિહાળતાં-નિહાળતાં દૂર દૃષ્ટિ પહોંચે ત્યાં સુધીની વસ્તુઓ નિહાળો આ ક્રિયા નિયમિત કરતા રહેવું. પરિવર્તન પામતા દૃશ્યોનો અભ્યાસ કરો. દૂર-દૂર ક્ષિતિજને સતત નિહાળતા રહેવું- આકાશમાં ઉડતા પક્ષીઓ અને બગીચામાં ઉડાઉડ કરતાં પતંગિયાંને નિહાળવાં, રાત્રે ખુલ્લા આકાશમાં ટમટમતા તારાઓને તેમાંથી બનતી વિવિધ આકૃતિઓ વિવિધ રંગના તારાઓ, ઝબકતા તારાઓ, ચંદ્રની કાંતિ નિહાળવી, સૂર્યોદય ને સૂર્યાસ્ત નિહાળવાં, દરિયા કિનારે ઉભા રહી

દરિયાના મોજાં કેવી રીતે કિનારા સુધી પહોંચે છે તે નિહાળવાં, સાથે દરિયાના વિશાળ પટ પર છેક ક્ષિતિજ સુધી દૃષ્ટિ કરવી તેમાં તરતાં નાનાં-મોટાં વહાણ પણ નિહાળવાં.

સવારના પહોરમાં મંદ-મંદ વાતા પવનથી વૃક્ષો પરનાં પાન કેવાં આંદોલિત થાય છે ! જાણે નૃત્ય કરતાં હોય... તેને નીહાળવાં. છોડ પર આવતાં નવાં કૂમળાં પાન, તેનો રંગ, ફૂલછોડ પર આવતી કળી, તેમાંથી ખીલતું ફુલ, તેનાં રંગ-સુગંધ વગેરે ધ્યાનથી નિહાળવાની તક જતી ન કરવી.

શું બાળક માટે આવું ન કરી શકીએ? રવિન્દ્રનાથ ટાગોર- "બારી બહારના વિધાર્થીનુ" બિરુદ પામેલા. તેમને નાનકડી ચકલી કેવી ઉડાઉડ કરે છે અને પ્રકૃતિ સંગાથ કેવું લયબધ્ધ જીવે છે. તેને નિહાળતાં તે કદી થાકતા ન હતા. આપણી પાસે એવી દૃષ્ટિ પણ નથી રહી કે જીવન પણ નહીં. અફસોસ, આવનારા સમયમાં બાળકોને પ્રકૃતિ વિશેની સમજ હશે પણ કૃત્રિમ ટીવી, સિનેમાના પડદે જ તેને થ્રીડીમાં નિહાળી શકશે. કુદરત સાથેનો તેનોનાતો લગભગ નહિવત બની જશે. પરિણામે પાંચ અંધ વ્યક્તિઓએ હાથીનો આકાર કેવો છે તેને વર્ણવ્યા તેમ તમારા હાથની નજીક સ્પર્શી શકો તેટલી જ દુનિયા તમારી રહેશે.

નિરીક્ષણની કોઈ તાલીમ લેવાની જરૂર નથી. કુદરતના ખોળે બાળકને રમતું મૂકી દો .પછી તમારે કમ્પ્યુટરની જરૂર નથી. તેન આપમેળે ખીલી ઊઠશે. આજે તો કુદરતે બક્ષેલી આંખનો આપણે માંડ ચોથા ભાગનો ઉપયોગ પણ કરતાં નથી. આજે સવારથી સાંજ સુધીમાં તમારી આંખ વડે જોયેલાં દશ્યોની નોંધ કરો. હવે એ દશ્યો તમારી આંખથી કેટલા અંતરમાં હતા તેનો હિસાબ કરો. તમારી આંખથી ખુબ દૂરના દશ્યોની સંખ્યા કેટલી છે?

હવે એકાદ અઠવાડિયાનો વિચાર કરી જુઓ, મહિનાનો ને પછી વર્ષનો- આપણને આખા વર્ષમાં આવી તક જ ન મળી હોય તો અફસોસ તેના જેવું કંગાળજીવન બીજા કોનું હોઈ શકે? કુદરતે આપેલી અણમોલ બક્ષિસને આમ વેડફી ન દેશો. આવનારી પેઢીઓને વારસામાં શું આપવાનું છે? તેને બંધ વાતાનુકુલિત કમરાની ભેટ ધરવા કરતાં ખુલ્લા આકાશ પર દૃષ્ટિ માંડવાની ક્ષમતા આપજો. બાળકની નિરીક્ષણ ક્ષમતા ખીલે એવો એકપણ ચાન્સ ગુમાવશો નહી. આકાશના ટમટમતા તારા જોઈને રાજી થઈ જતી કલ્પના ચાવલા આકાશની પરી બની શકી. અને દરિયાકિનારે ઉડતા પક્ષીઓને નિહાળતાં અબ્દુલ કલામ વિશ્વના મહાન વૈજ્ઞાનિક મિસાઈલમેન બની શકયા. વિચારો.... વિશ્વને જ્ઞાન-વિજ્ઞાનની મહાન ભેટ ધરનાર મહામાનવોની નિરીક્ષણશકિત કેટલી તીવ્ર હતી તે તેમના જીવનકથનમાંથી જાણવા મળેશે. આપણી ઋષિ સંસ્કૃતિમાં અનેક લોકો રાજમહેલોના સુખ વૈભવ છોડીને પ્રકૃતિની ગોદમાં જઈ વસ્યાના ઉદાહરણ છે. પ્રકૃતિની ગોદમાં વસેલી પ્રકૃતિપ્રેમી પ્રજાએ અનેક યુગદષ્ટા મહામાનવો આ દુનિયાને આપ્યા છે. તેમના વચનો મિથ્યા ન હોય. આવો આપણે આપણી નિરીક્ષણક્ષમતા વિકસવીએ, બાળકોની નિરીક્ષણક્ષમતા ખીલે એવા પ્રયત્નો કરીએ. જેથી આવનારી પેઢી દુરંદેશીભર્યું પ્રકૃતિમય જીવન જીવે. એ જ ભાવ સાથે દૃષ્ટિ પુષ્પ અર્પણ કરું છું.



૧.માનવપિંડનું ઘડતર

- શ્રી આઈ.એન.પટેલ

આમ જોઈએતો માણસ આજે એકાદ લાખવર્ષનો થયો છે.માણસ પોતાના સંસ્કારો અવિરત પણે નવી પેઢીને આપતો જાય છે પરીણામે તે તેના વારસા સ્વરૂપે જીવતો રહે છે.આમ જોઈએ તો માણસ અમર છે તેની ઉત્પત્તિથી આજ લગી તેના સંસ્કારો સ્વરૂપે આધુનિક માનવમાં જીવિત છે.પૂરંવ માનવથી લઈને આધુનિક માનવ સુધી ના ઘડતરમાં આપણો અમર વારસો ધરબાયેલો છે.આપણામાં હજુયે પૂર્વમાનવ જીવિત છે તેથી આપણો સંસ્કાર વારસો અમર છે.આદીયુગથી આપણા સંતાનોને સુખી જોવાની ઈચ્છાથી માનવસંસ્કૃતિ વિકસી.પેઢીદરપેઢી આપણે આપણા સંતાનોને સુખશાંતિમય જીવનજીવવાનું શીખવી રહ્યા છીએ.ધર્મ અને રીતરીવાજો પણ તેના ભાગરૂપે જ જન્મ્યા છે.એક સમય એવો હતો કે માણસ માણસને ખાતો તેનામાં ભૂખ મિટાવવા સિવાય કોઈ વિચારો ન હતા હવે તે એવું નથી કરતો પણ પ્રાણીઓનું માંસ આરોગે છે અને તેના માટે પ્રાણીઓની હત્યા કરે છે તેનું માંસ આરોગે છે.માણસ માણસને મારે કે કોઈ પ્રાણીને સઘળું સમાન જ છે.માનો કે માણસ માણસનું માંસ ખાતો નથી પણ વર્ષો પછી આજે પણ માણસ માણસના ખૂનનો તરસ્યો છે.કદીક ધર્મનાનામે,સંપત્તિ,સત્તા કે સીમાઓના વિવાદે દરરોજ હજારો માણસ માણસોના હાથે મરે છે.કહેવાતા સુધરેલા સમાજે આખા વિશ્વને યુદ્ધનું મેદાન બનાવી દિધુ છે.લોકોના હાથમાં હળ,તિકમ ને કોદાળી થમાવી પર્યાવરણના રક્ષક અને પૂજક બનાવવા મૂકીને તેના હાથમાં બે નાળ વાળી બંદૂક થમાવી માનવ-માનવનો સંહારક બનાવી દિધો.આપણા ત્યા બહારવટું કરતા બહારવટિયાઓની પણ ખાનદાની જોવા મળતી ! આજનો માનવી આદી માનવથી પણ ખૂંખાર થતો જાય છે.કહેવાય છે કે વિશ્વયુદ્ધ થાય તો ઘડીના છઠ્ઠાભાગમાં સમસ્ત જીવસૃષ્ટિનો નાશ થઈ જશે.જો આપણી પ્રગતિનું આજ પરિણામ આવવાનું હોય તો પછી એવા સુધારાની ક્યાં જરૂર હતી.માનવ ઘડતરના પાયામાં ક્યાં ચૈક રહી જવા પામી છે?એ એક સંશોધનનો વિષય છે.

ચાર પાયાવાળો ખાટલો બનાવ્યો ત્યારથી માણસ સાચું સુખચેન ગુમાવતો ગયો છે ને ચારચાર બંગડી વાળી આવ્યા પછી તો પૂછવું જ શું?ખાધેપીધે સુખી માણસની વ્યાખ્યા બદલાય ગઈ છે.ખૂરશીની શોધે તો દાટ વાળ્યો ,માણસ-માણસ વચ્ચે તો વેર બાંધ્યા પણ ભાઈ-ભાઈને પણ નથી છોડ્યા!કુદરતની પ્રેમભરી દુનિયાનાં જીવજંતુઓનું તો કોણ જાણે શું થશે?માનવ પણ જાણે જીવવા હવાતિયાં મારી રહ્યો છે તેને દવા કે દુવા એકેય કામ લાગે એમ નથી.ભૌતિક સુખ સમૃદ્ધિનું એવું ભૂત સવાર થયું છે કે કુદરતી સંસાધનોને બેફામ લૂટી લીધા છે.બાળપણની નિરાળી દુનિયા છિનવાય ગઈ.ગ્રેટા થનબર્ગે તેની પહેલી ચીખ સાંભળી સમગ્ર વિશ્વને પર્યાવરણક્ષેત્રે માનવના અત્યાચારને રોકવા અવાજ ઊઠાવે છે.બાળકોને તેમના ભાવિષ્યની ચિંતા સતાવી રહી છે.બાળકને તમે જે વસ્તું લેવાની ના પાડશો તે વસ્તું લેવા મથશે અને જ્યાં જવાની ના પાડશો ત્યાં જવા લાગશે.માટીનું સર્જન માટી સાથે હળીમળી જવાનું તેને ગમે છે.કુદરતના ખોળે રમતું બાળક જાણે પંચત્તવો સાથે હળીમળી જતું લાગતું. ક્યારેક રામાયણ,મહાભારતના પાત્રો બની જાય ને રમકડાનું ધનુષ બનાવી અર્જુનની જેમ પરાક્રમ કરવાનું મન થઈ આવતું.બાળપણ કેટલું મહામૂલું છે તે વીતી ગયા પછી સમજાય.આજે તો માતા પિતા બાળક ચાલવા લાગે ત્યારથી તેને તાલીમ આપવા લાગે અને વેલ ટ્રેન બનાવી દે તેમાં બાળક્નું બાળપણ ક્યાય ગુંગળાય જાય.આ દેશની માતાએ પોતાના પુત્રને કાનુડો કહી બોલાવ્યો ન હોય એવું ભાગ્યેજ બન્યું હશે.આવા ઊચ્ચ સંસ્કારોની ખેવના કરવી અને તેને બાળકમાં મુરતિમંત કરવા આ બે માં આશમાન જમીનનો ફેર છે.આદિમાનવ થી આધુનિકમાનવ સુધીની યાત્રામાં ઘણું મેળવ્યું પણ જીવવાપણું ગુમાવ્યું તેનો સૌએ સ્વીકાર કરવો પડશે.



આપણે અગણિત શ્રદ્ધાસ્થાનોને શાનદાર બનાવ્યા છે.ઉત્સવોની ઊજવણી પાછળ પારાવાર ખર્ચ કરીએ છીએ અને પુષ્કળ સમય તેની પાછળ વ્યતિત કરીએ છીએ.જેમાં માનવ મહેરામણ ઉમટી પડે છે પરંતુ દિવ્ય શ્રદ્ધા સ્થાનોએ કે પછી બીજે ઉજવાતા ઉત્સવોનો હેતુ બર આવે છે ખરો?આપણે સૌ જાણીએ છીએ કે તેમ થતું નથી અને સૌ એક જ વાત કહે છે કે દુનિયા બગડી ગઈ છે.માણસે ક્યારેક તો પોતે જવાબદારી લેવી પડશે.અંતે તો જવાબદારી માતા-પિતાની ફિક્સ થાય છે.આ સુષ્ટિ પર આવી જેને માતા-પિતા બનવાનું સૌભાગ્ય મળ્યું છે તેમનો જન્મ સફળ થયો એમ માનજો પરંતુ જેમને સુસંસ્કૃત સંતાનોના માતા-પિતા બનવાનું સૌભાગ્ય મળ્યું છે તેમનો તો અવતાર ફળ્યો માનજો.વળી તેમની મનુષ્ય જન્મ પછીની સદ્ગતિ નિશ્ચિત છે.આવા સજ્જનપુરુષો-સન્નારીઓને પ્રકૃતિપ્રેમ વારસામાં મળ્યો હોય છે.

પ્રાણી માત્રનો પ્રાણ જેના પર ટક્યો છે એવા પ્રાણવાયુથી વાતાવરણને તૃપ્ત કરનારા વનો, ઉપવનો,ઉદ્યાનો પર માણસની સ્વાર્થભરી દ્રષ્ટિની એવી નજર લાગી છે કે આજે પ્રાણ ટકાવવા પૂરતો પ્રાણવાયુ વાતાવરણમાં રહ્યો નથી.આજે ભીડભાડવાળા શહેરોમાં માણસને જીવવા માટે કૃત્રિમ રીતે ઑક્સિજન ઉત્પન્ન કરવાની ફરજ પડે છે.ભીડભાડવાળા શહેરોમાં ઑક્સિજનયુક્ત હવા મળી રહે તેવા સેન્ટર્સ ઊભા કરવા પડ્યા છે.હવે તો તાજી હવાના પાર્સલ બજારમાં વેચાતા મળશે.હવા અને પાણી વેચાવા લાગે ત્યારે પરિસ્થિતિ કેટલી અંશે વણસી હશે તે સમજાવાની જરૂર રહેતી નથી.



આપણે જળને દેવતા અને પવનને દેવ માનીએ છીએ.પાણી વેચીને પૈસો કમાવો એ આપણી સંસ્કૃતિમાં પાપ ગણાય છે.તરસ્યાને શુદ્ધ પાણી પિવડાવવું એ આપણો માનવધર્મ છે.આજે પાણીનો મોટો વ્યવસાય થઈ રહ્યો છે અને હવે તાજી હવાનો પણ વ્યવસાય થશે.આપણે પ્રાણ બચાવવા પ્રાણવાયુ પણ વેચાતો લેવો પડે એ દુનિયામાં હવે શેષ બાકી શું રહ્યું?શું આવનારી પેઢીને આપવા જેવું આપણી પાસે કંઈ બચશે ખરું?અહીં વિજ્ઞાનના સિદ્ધાંતો પણ સમજવાની જરૂર છે.પર્યાવરણમાં થતા ફેરફારો જીવજગતના અસ્તિત્વને ભરખી તો નહી જાય ને.વિજ્ઞાન અને કુદરત માનવીની આ મેલી રમત સામે લાચાર દેખાય છે.આ નાનકડી જીંદગીમાં બાળપણ કસોટીઓમાં,યુવાની કમાણી કરવાની લાલચમાં અને બાકીનો સમય અફસોસ કરવામાં વહીજાય છે.

ખૂબ કમાણીના ચક્કરમાં યુવાની અને સ્વાસ્થ્ય ખર્ચી નાખ્યું હવે યુવાની અને સ્વાસ્થ્ય મેળવવા કમાણી ખર્ચી રહ્યા છે જે હાથ લાગવાની નથી.કુદરત પણ તમારી આ નાદાનીપર હસતી હશે.સો વાતની એક વાત પ્રત્યેક બાળકને પ્રયાવરણવાદી બનાવો.પ્રકૃતિનો સાચો ચાહક બનાવો તો તેની જીંદગીખુશખુશાલ રહેશે બાકી પસ્તાવાનું નિશ્ચિત છે.

માતા-પિતા પહેલુ તતેમના સંતાનો તેમના ખોળામાં શ્વાસ છોડી જશે એ કારમી વેદનાના દિવસો જોવા પડે તે પહેલાં જીવનઘડતરનો એ પાઠ શીખી લેવા જેવો છે.આવી કારમી વેદના કોઈને ન સહેવી પડે એ માટે આજે જ સંકલ્પ કરો-સુખ સગવડના સાધનોનો ઓછોમાંઓછો ઉપયોગ કરીશું ખાસ કરીને એ.સી.,ફ્રિજ,ટી.વી., મોબાઈલ, ગાડી,ફાસ્ટફૂડ,જંકફૂડનો ઉપયોગ બને તેટલો ટાળો.એક અઠવાડીયું ઉપરોકત વસ્તુંઓ વગર ગાળી જુઓ.નવરાશનો સમય હવે કુદરતના સાનિધ્યમાં ગાળો.બાળકોને કુદરતના ખોળે ખેલવાદો તેમને કૃત્રિમ દુનિયાના વળગણથી દૂર રાખો.

માનવઘડતરના એ પાઠ પાકા કરી લેજો.ગ્રેટા થનબર્ગને નાની વયે પણ એનો અહેસાસ થયો એવા સંતાનોની માતા થવાનું સૌભાગ્ય કેળવો એજ ભાવ સાથે ‘પ્રકૃતિ પુષ્પ’ અર્પણ કરું છું.

૧.માનવપિંડનું ઘડતર

- શ્રી આઈ.એન.પટેલ

મન અને હૃદયનું પોષણ :

બાળકના તનનું પોષણ સારી રીતે થાય તે માટે આપણે ઘણા પ્રયત્નો કરીએ છીએ. વિજ્ઞાન પણ તનના વિજ્ઞાનમાં ઘણું આગળ વધ્યું છે. બાળકના શારીરિક વિકાસને આડે આવતી અને સમાજમાં પ્રસરી રહેલી અંધશ્રધ્ધાઓનો છડેચોક વિરોધ કર્યો એથી બાળમૃત્યનું પ્રમાણ પણ ઘટયું. ગર્ભકાળથી બાળકના સ્વાસ્થ્ય માટે વિજ્ઞાને ખુબ ખેડાણ કર્યું અને જવલંત સફળતા મળી તેનો યશ વિજ્ઞાનને ફાળે જાય છે. રસીકરણથી પોલીયો, ઓળી, અછબડા, શીતળા જેવા મહાભયંકર રોગોને નાથી શકયા એ માનવમાત્ર માટે ગૌરવનો વિષય છે. પરંતુ એક પાસું કમજોર રહી જવા પામ્યું છે અને વધુ કમજોર થતું જાય છે. તેના મૂળમાં આધુનિક માનવની મનોવૃત્તિ જવાબદાર છે. બાળકના વિકાસ માટે તન, મન અને હૃદયનો સમાંગ વિકાસ થવો જરૂરી છે. કેટલાંક કડવા સત્ય પણ કહેવા પડે એમ છે.

સામાન્ય રીતે બાળક જાગ્રત અવસ્થામાં હોય ત્યારે માતાને એક જ વિચાર આવે,બાળકને સ્તનપાન કરાવવું કે દુધ, જયૂસ વગેરે આપી તેને સુવડાવી દેવું. બાળક ભૂખ્યું ન રહેવું જોઈએ. ભૂખ્યું થાય એટલે જ રડે. બાળકને ભૂખ્યું રાખવાનું પાપ લાગે વગેરે બાબતો બાળક પ્રત્યેના માતાના પ્રેમને ઉજાગર કરે છે પરંતુ એક વાત અહીં વિસરાઈ જાય છે કે બાળકના પાચન માર્ગે થતા વિકાસમાં બાળપણથી જ ચરબીના થર જમાવા લાગે છે ને બાળક હૃષ્ટપુષ્ટ દેખાય છે તેથી આપણે ખુશ થઈએ છીએ. હૃષ્ટપુષ્ટ દેખાતા બાળકની સ્થૂળ કાયા એ રોગનું આશ્રયસ્થાન છે. વળી, શરીરની નેવું ટકા બીમારીઓ પાચનમાર્ગે જ શરીરમાં પ્રવેશે છે. સારો, શુધ્ધ, સાત્વીક ખોરાક સમયે અને જરૂરિયાત કરતાં ઓછો મળે તો તે પોષણ કરતા છે નહી તો એ જ ખોરાક શરીર માટે વિષ બરાબર છે. એ વાત બાળકોને જ નહી તમામ ઉંમરે એક સરખી રીતે લાગુ પડે છે. એક ઉદાહરણ લઈ વાતને સમજવાની કોશીષ કરીએ. એક લુહારના યુવાન દિકરાને કોઈ કારણસર જેલની સજા થાય છે ત્યાં તેને ભૂખ્યો રાખવાનો દંડ આપવામાં આવે છે. યુવાન લુહાર લોખંડના ઓજારો ટીપવાનું કામ કરતો તેથી તેનું શરીર ખૂબ કસાયેલું હતું, લોખંડના ભારે સળિયાને તે હાથથી વાળી દેતો, ખુબ તાકાતવાર શરીર હતું. આવા શક્તિશાળી શરીરને ખોરાક જોઈએ. કારણ કે તે મહેનત કસ માણસ હતો. ભૂખ એનાથી સહન થતી નથી. ભૂખથી બેહાલ યુવાન કેદખાનામાં ધમાલ કરી મૂકે છે. બાજુમાં રહેલા વૃદ્ધ કેદી પોતાને મળેલો સૂકો રોટલો ખાઈ શકતો નથી એટલે રોટલાનું બટકું તેની ઓરડીમાં પડયું હતું. તે ધીમે રહીને બાજુની ઓરડીમાં સરકાવી દે છે. આ યુવાન માટે રોટલો અમૃતસમાન ભોજન બની ગયો. તેના કણકણમાંથી શરીરના રોમરોમમાં ફરીથી શકિતનો સંચાર થયલો યુવાને અનુભવ્યો. તેને એ બટકું રોટલો જાદુઈ લાગ્યો પણ એ જાદુ ઈશ્વરે સર્જેલા માનવમાત્ર માટે છે. એ માનવ કયારે સમજશે? જયાં સુધી શરીરને ભૂખ ન લાગે ત્યાં સુધી ખોરાકનું બટકું પણ આપવું વિષ સમાન છે. એથી જ મેનાવતીએ ગોપીચંદને આપેલી ત્રણ શીખમાં એક હતી- પકવાન ભોગ જમના... અર્થાત્ જ્યારે શરીરને એવું લાગે કે હવે એક કોળીયો ખોરાક નહી મળે તો આ દેહ પડી જશે ત્યારે જ ખોરાક લેવો. તો સૂકો રોટલો પણ પકવાન બની જશે. આ તો સામાન્ય સંન્યાસીના જીવનની વાત છે પરંતુ સંસારી માટે અમર્યાદિત, અનિયંત્રિત અને સમય-કસમયે ખોરાક લેવાની આદત ભારે પડે છે. શરીર કયારે કયા પ્રકારની આફત નોંતરશે એ કહી શકાય નહી. બાળકની વાત કરીએ ત્યારે તેની પાસે પોતાની સૂઝબૂઝ નથી હોતી. દરેક પ્રકારન વિચારોનું આદાનપ્રદાન રડવાથી જ કરે છે. તે જ્યારે રડે ત્યારે તે ભૂખ્યો થયો છે એમ માની લઈ તેને બસ ભરપેટ ખવડાવી દેવાની રીતમાંથી બહાર આવવું પડશે. બાળકને ભૂખ્યો ન રાખવો જોઈએ પરંતુ તેને કેટલું ખાવું તે પેટ નક્કી કરે છે. તેથી બાળકના ખાનપાન વિશે જાણકારી મેળવી વ્યવહાર કરવો. આહાર સર્વ પ્રકારનો સમપ્રમાણ આપવો એનું ગણિત આપણી સુસંસ્કૃત માતૃશક્તિઓ સારી પેઠે જાણે છે. પરંતુ મોર્ડન મોમ પાસે એવી સમજ હોતી નથી. બજાર અને જાહેરાત જ એમના માર્ગદર્શક હોવાથી બાળક માટે બિનજરૂરી ખરીદી એટલી બધી થાય છે કે બાળક ચાલવા માંડે ત્યાં સુધીમાં હજારો રૂપિયાની ખોટી ખરીદી થઈ જતી હોય છે. એ પણ દેખાદેખી અને બીજા કરતાં કંઈક વધુ કરવાની હોડે કીડ માર્કેટને તગડું કર્યુ છે. સવા વાર સુતરાઉ કાપડના ચાર બાળોતિયાંમાં

બાળક મોટું થઈ જતું. અને દુનિયમાં નામ કમાઈને જાય એવા મહામાનવો અવતરતા.આજે ભરાવદાર શરીરમાં માંયકાંગલા આત્મા પલે છે. સતત ડર સતાવ્યા કરે છે તેથી રુટિન ચેકઅપ કરાવવું પડે ને જીવવાના કેટલા દિવસ બાકી એનું ગણિત કર્યા કરવું પડે છે. કારણ તેને તનની નથી પડી પછી મન અને હૃદયને તો પ્રફુલ્લિત રાખવાની ક્યાંથી પડી હોય. એ ભૂલ બાળપણમાં જ થઈ હોય છે. બાળકના મન અને હૃદયની ભાવના સમજવામાં આવતી નથી. તેના મન, હૃદયને પ્રફુલ્લિત કરવા માતાના વ્હાલભર્યા શબ્દો, હાલરડું, મમતાભર્યો સ્પર્શ, સુંદર દૃશ્યો, પ્રકૃતિનો સ્પર્શ, વ્હાલપનાં ગીતો અને વ્હાલ કરતા સ્નેહીજનોની માયા તેના હૃદયને, મનને પ્રફુલ્લિત રાખે છે. પાણીમાં છબછબીયાં કરવા દેવાં, ખુલ્લી હવામાં ને ખુલ્લા આકાશતળે રાત્રીના સમયે, સવાર ને સાંજના સમયે, વૃક્ષો, લતાઓ, ફળફુલ, બાગ-બગીચા, પતંગિયાં, પક્ષીઓ જોવાનો માણવાનો આનંદ આપવો જેનાથી તેનું તન-મન પ્રફુલ્લિત રહે છે.

ખુલ્લા આકાશમાં તારા જોઈને નીંદર લેતી બાળકી એસ્ટ્રોનેસ્ટ કલ્પના ચાવલા બની જગવિખ્યાત અવકાશયાત્રીઓમાં સ્થાન પામે છે એ મન, હૃદયને પ્રફુલ્લિત કરતી કેળવણીને કારણે શકય બન્યું છે.બાળકના મન અને હૃદયને પ્રફુલ્લિત રાખવા શું કરી શકાય?

- સુતરાઉ કાપડના ઝીણા મખમલી કાપડાના ટુકડા પહેરાવવા.
- બાળક રડે એનો એક જ અર્થ બાળક ભૂખ્યું થયું હશે એવું માનવાની જરૂર નથી. રડે એટલી વખત તેને ભરપેટ ખોરાક ન આપો.
- બાળકને અતિશય કંફર્ટઝોનમાં ન રાખો.
- ભૂખ કરતાં થોડો ઓછો ખોરાક આપવો એ સ્વાસ્થ્યપ્રદ છે.
- મન અને હૃદયના ભાવો સાથે જોડાઈ તેની ક્રિયા-પ્રતિક્રિયા થવા દો.
- કુદરતના સંસર્ગમાં વધુ સમય રહે તેમ કરો.
- ખુલ્લા આકાશ નીચે રાખો, ઋતુને ધ્યાનમાં રાખી ખુલ્લા આકાશ નીચે થોડો વખત બાળકને રાખો.
- સ્થાનિક પર્યાવરણની અનુભૂતિ થવા દો. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ સ્વાયત થવા દો. જેટલી ક્રિયાઓ પોતાની



જાતે કરી શકે તેટલી કરવા દો. પોતે કરેલ કાર્યનો આનંદ તેના મન-હૃદયને પ્રફુલ્લિત કરે છે.
- તેણે રોપેલા નાનકડા છોડને નવાં પાન આવે, ફુલ આવે ત્યારે જે અનુભૂતિ તેને થાય તેવી અનુભૂતિ હજારો રૂપિયા ખર્ચીને સુંદર બાગબગીચાઓમાં ફરવા લઈ જવાથી થતી નથી.
- ઊડતા પક્ષીઓ ને પતંગિયા બતાવો, ટી.વી. સ્ક્રીન પર નહી. વાસ્તવમાં તેની પાછળ તે દોડવા લાગે ત્યારે જ ખરો આનંદ મળે. શુધ્ધ દેશી ગાયનું દૂધ જ વાપરવું.

શું ન કરવું એની યાદી બનાવવામાં યાદી ખુબ મોટી થઈ જાય એમ છે કારણ કે આપણે જે બાળકને આપીએ છીએ તે રેડીમેઈડ કપડાંનો ઉપયોગ ટાળો, બજારમાં મળતા બેબીફુડનો ઉપયોગ ટાળો, ન્યુટ્રિનવાળા તૈયાર ડબ્બાનો પાવડર કદી ન વાપરવો. અતિશય દુધ, ફળફળાદિથી જ સ્વાસ્થ્ય સારું રહે એ વાત બિલકુલ ખોટી છે.તેને લાકડું, માટી કે કાગળના રમકડાં આપો. બાઈક કે મોટરગાડીમાં ફેરવવાનું ટાળો. પાણી, અગ્નિ, પવનથી દુર રાખો.

સારાંશ એ જ છે કે બાળકના તનની કાળજી રાખવામાં કાયા સ્થૂળ ન બની જાય અને મન, હૃદયની કેળવણી જો ભૂલી ગયા તો માનવ અને પશુ વચ્ચેનો ભેદ રહેશે જ નહી. આવો આપણા બાળકો અને જનગણને મન, હૃદયની કેળવણીની સમૃધ્ધગાથા સમી ભારતીય સંસ્કૃતિ અનુરૂપ જીવન જીવીએ એ જ ભાવ સાથે 'હૃદય પુષ્પ' અર્પણ કરું છું.

૨. પ્રકૃતિપ્રેમી નો આર્તનાદ



જ્યાં આત્મા છે ત્યાં પરમાત્માને અભિવ્યક્ત થવાની ઉત્કટતા રહે છે.કુદરતમાં સર્વત્ર પરમાત્માની અભિવ્યક્તિ જોવા મળે છે.મનુષ્ય તેના બુદ્ધિબળે પરમાત્માની અભિવ્યક્તિઓનું રહસ્ય શોધી તેની જેમ પોતાની અભિવ્યક્તિ કરવા લાગ્યો છે પરિણામે કુદરતી અને માનવસર્જિત એવી બે દુનિયાઓ ખડી થઈ છે .માનવીય અભિવ્યક્તિ પોતાના માટે સુખ-ઉપભોગ,વૈભવ,તાકાત (માનવસર્જિત શક્તિશાળી યંત્રો,મશીનો)નું સર્જન કરવા પાછળ પોતાની શક્તિ ખર્ચી આજે આધુનિક જગતનું નિર્માણ કર્યુ.આધુનિક વિશ્વ એ માનવીય સુખાકારી માટેનું સર્જન છે.પરંતુ માનવસર્જિત આધુનિક વિશ્વ માનવીને સાચુ સુખ આપી શક્યું છે ? ના..હર હાલમાં જવાબ ના જ આવે.આજે પણ વિશ્વના અનેક માનવ સમુદાયો દુઃખ-દર્દના ઘેરા સંકટોમાં જીવી રહ્યા છે.

એક તરફ ધન-વૈભવમાં રાચતી મુઠ્ઠીભર પ્રજા અને બીજી તરફ દારુણ ગરીબી અને બેકારીની ભીંસમાં દર્દનાક જીવન જીવતા લોકોનો સમુદાય.પોતાના જ ભાઈઓની દર્દનાક ચીખો વચ્ચે જલસા કરતા મુઠ્ઠીભર પૂંજીપતિઓના સુખ વરવા નથી લાગતા શું ?માનવીએ આવી દુનિયાની કલ્પના કરી હતી?નવી દુનિયાની શોધમાં નીકળેલો માનવી જવું હતું ક્યાંક અને ક્યાંક પહોંચી ગયો છે. આવનારી પેઢીને એશારામની જીંદગી જીવે એવા સ્વપ્નો સેવનાર મહામાનવોના પ્રયત્નોને સ્વાર્થઘેલા માનવીઓએ ખોટા ઠેરવ્યા.માનવીની એકએક શોધ મહાન છે.માનવીએ ચંદ્રયાત્રા કરી અને મંગળયાત્રાએ જવાની તૈયારી કરી લીધી છે ત્યાં પણ માનવી પોતાનાં પદચિહ્નો પાડવા તત્પર છે.ગતિશીલ દુનિયા પ્રકાશના વેગે માહિતીનું અદાનપ્રદાન કરવામાં સફળ થઈ રહી છે.

એક નવાયુગનો પ્રારંભ થયો જેનાં સારાં પરિણામ આવવાં જોઈતાં હતાં.વિજ્ઞાનયુગે માનવીને નવતર દિશા આપી પરંતુ માનવીને કુદરત તરફ જોવાની દ્રષ્ટિ ન આપી શક્યું.વિશ્વ આજે જે સંકટોમાંથી પસાર થઈ રહ્યું છે તે પૈકીના એક ગંભીર સંકટ તરફ અંગૂલી નિર્દેશ કરવો છે.જે આપણા અસ્તિત્વનો પ્રશ્ન છે સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વનો પ્રશ્ન છે.માટે આપણા સૌનો પ્રશ્ન છે આખા વિશ્વનો પ્રશ્ન છે.અત્યારે માનવ સહિત સમગ્ર જીવજગતના અસ્તિત્વ પર ખતરો મંડરાય રહ્યો છે તેના માટે જવાબદાર જાણવા છતાં અજાણ રહ્યા એવા જીવી ગયેલા અને જીવી રહેલા માનવીઓ જ છે જેમણે આધુનિક જગતનાં સ્વપ્નો સેવ્યાં હતાં.ક્લાઈમેટ ચેઈન્જ(પર્યાવરણ બદલાવ)તેના ખતરનાક મોડ પર છે.પર્યાવરણની સુરક્ષાએ સામુહિક જવાબદારી છે એ કોઈ દેશ કે ભૂ-ભાગ માત્રનો પ્રશ્ન નથી.આજે પર્યાવરણમાં થઈ રહેલા ફેરફારને કારણે જીવજગત પર સંકટનાં વાદળ ઘેરાયાં છે તેના માટે છેલ્લા બે દાયકાથી પર્યાવરણ વિશે જાણવા છતાં અજાણ બની જીવતો રહેલો માનવસમુદાય જવાબદાર છે.પરિવર્તન સંસારનો નિયમ છે એ મનુષ્યને લાગુ પડે તેમ પરિવર્તન સૃષ્ટિનો, કુદરતનો નિયમ છે.કુદરતના તમામ પરિવર્તનો પર્યાવરણનું સંતુલન જાળવવા માટે થાય છે જ્યારે માનવસર્જિત પરિવર્તનો પોતાના સ્વાર્થ ખાતર પર્યાવરણ સંતુલનને તોડે છે.પરંતુ સ્વાર્થમાં અંધ વ્યક્તિઓને એ ક્યાં દેખાય છે કે પોતે જ પોતાના પગ પર કુહાડી મારી રહ્યા છે.આવનારી પેઢી માટે સલામત જીવન તો દૂર રહ્યું પણ જીવવા માટે શ્વાસ લઈ શકાય તેવી કોણ જાણે કેટલી જગ્યા બચી હશે?જ્યાં જાવ ત્યાં ગુંગળાવી નાખે તેવી પ્રદૂષિત હવા,પ્રદૂષિત પેયજળ અને અખાદ્ય બનેલા ખાદ્ય પદાર્થોએ માનવજીવનને ઘેરા સંકટમાં મૂકી દીધું છે.માનવે જે ભૂલો કરી છે તેની સજા ભોગવી રહ્યો છે.હજુ પણ માણસ પાસેતે ભૂલ સુધારવાની

તક છે.માનવીએ પોતે સર્જેલી કૃત્રિમ દુનિયા પર જેટલો વિશ્વાસ છે તેટલો કુદરતના સર્જન પર થાય તો ઘણું છે.માનવીએ મંદિરો,મસ્જિદો,ગિરજાઘરો,ચર્ચ નિર્માણ કરી તેમાં શ્રદ્ધેય ઈશ્વરને પ્રસ્થાપિત કર્યો.એ શ્રદ્ધાસ્થાનોમાં બેઠેલા ઈશ્વર પર ભરોસો છે એજ ઈશ્વરે સર્જેલા પર્યાવરણમાં વસેલા ઈશ્વરમાં શ્રદ્ધા નથી!પાનપાન પરમેશ્વર અને ડાળડાળ દામોદર એવા પર્યાવરણીય પરમેશ્વરનો નાતો માનવીએ તોડ્યો ત્યારથી દુ:ખી થતો રહ્યો છે.કુંમળુ ઝાડ વિકસે તે પહેલાં તેને કાપી નાખવાનો વિચાર આવે તેને કોઈપણ શ્રદ્ધા સ્થાનમાં જવાનો અને ઈશ્વરને પ્રાર્થના કરવાનો કોઈ અધિકાર નથી અને જો એવી નાદાનિયત કરે તો તેની પ્રાર્થના સ્વીકાર થતી નથી.આદ્યુનિકયુગ આપણા માટે આશીર્વાદરૂપ બની શકે એમ છે તેનાથી અણગમો પણ નથી પરંતુ એ વિશ્વનું નિર્માણ જેના માટે થયું છે તેના અસ્તિત્વનો સવાલ છે.આ સૃષ્ટિ પર અવતરનાર પ્રત્યેક બાળકને જીવવાનો અધિકાર છે.તેની સુરક્ષાની જવાબદારી આપણા સૌની છે.સુષ્ટિ પરના પ્રત્યેક જીવજંતુને જીવવાલાયક આ સૃષ્ટિ બનાવી છે.તેને વિક્ષેપિત કરવાનો કોઈને અધિકાર નથી.



વિશ્વના બુદ્ધિજીવીઓ અને સાધન-સંપન્ન શક્તિશાળી લોકો આ વિશ્વ માટે જે ન કરી શક્યા તે આઠ વર્ષની બાળકીના હ્રદયમાં પ્રગટેલા જીવજગત પ્રત્યેના દિવ્યભાવે કરી બતાવ્યું.કલાઈમેટ ચેઈન્ઝથી ઊભા થયેલા ખતરા માટે વિશ્વકક્ષાએ જાગૃતિ લાવનાર ગ્રેટા થનબર્ગેને વિશ્વના ૧૨૫ જેટલા દેશના વિદ્યાર્થીઓએ સાથ આપ્યો.બાળકીના હ્રદયમાંથી ઊઠેલી સદ્‌વૃતિની ચીખ આખા વિશ્વએ સાંભળી નાના-મોટા સૌના હ્રદયને ઝંઝોળી મૂક્યાં.એક શાળાના વર્ગખંડમાં બતાવેલી પર્યાવરણ ચેઈન્જની નાનકડી ફિલ્મ જોઈને આખા વિશ્વને ઝંઝોળી મૂકતા સ્પંદનો તેના હ્રદયમાં ઊઠયા. એ હતી આઠ વર્ષની નાની બાળકી ગ્રેટા થનબર્ગ જે આજે નોબલગર્લ બનવા જઈ રહી છે ત્યારે આપણે તેને શુભકામનાઓ પાઠવીએ છીએ.

શું આપણે આપણા ભવિષ્યની સલામતી માટે આટલું ન કરી શકીએ ?

૧.શ્રદ્ધા સ્થાનોમાં પ્રતિષ્ઠિત કરેલ ઈશ્વરમાં જે ભાવ રાખો છો તે જ કુદરતે સર્જેલી પ્રકૃતિમાં ભાવ નિર્માણ થવો જોઈએ.

૨.જાણવા છતાં અજાણ બની પર્યાવરણને નુકસાન પહોંચાડવાની ભૂલ ન કરવી જોઈએ.

૩.જીવનમાં આર્થિક ઉપાર્જન માટે વૃક્ષો કાપવાં ન જોઈએ.

૪.આધુનિકયુગમાં ઉધોગધંધા વિકસાવવા જમીનના કોઈપણ ફળદ્રુપ ભૂ-ભાગનો ઉપયોગ થવો ન જોઈએ.

૫.શિક્ષણને જીવનલક્ષી બનાવો.વર્ગખંડમાં બાળકોને ભવિષ્યમાં આવનારી વૈશ્વિક સમસ્યાઓની જાણકારી આપો ને એ રીતે જાગ્રત કરો.


૬.શિક્ષણ વૈશ્વિક પરિવર્તન માટે અમોધશસ્ત્ર તરીકે કામ કરી શકે એમ છે.શિક્ષણને નોકરી રળવાના સાધન તરીકે નહીં પરંતુ જીવન જીવવાના સાધન તરીકે વિકસાવો.

૭.માનવીય શોધો સમસ્ત માનવસમુદાય માટે કલ્યાણકારી બને તેવી અને પર્યાવરણ સુરક્ષાનું ધ્યાન રહે તે જોવું જરૂરી છે.

૮.આદ્યુનિકયુગના શક્તિશાળી રાષ્ટ્રો પર્યાવરણસુરક્ષા માટે જ સ્પર્ધા કરે.સરહદો કે જમીની વિવાદ છોડી સરહદોને કુદરતથી હર્યાભર્યા બનાવે એવો કોઈ ઉકેલ લાવવો જોઈએ.

૧.માનવપિંડનું ઘડતર

શ્રી આઈ.એન.પટેલ



મનુષ્ય એ ખિતાબ સર્વ ખિતાબો કરતાં ઉત્તમ છે અને મનુષ્યનો એ ખિતાબ તેના ચારિત્ર્ય ને આભારી છે.સત્યને માટે જીવનાર વીર પુરુષોની મહાન શક્તિ આ જગતમાં સદાકાળ જીવંત રહે છે.જે ચારિત્ર્યને કારણે જ શક્ય બને છે.માનવ ચારિત્ર્યના પાઠ તેના સમાજ જીવનમાંથી શીખે છે.સમાજમાં કોઈપણ વ્યક્તિની શાખ તેના ઘર પરથી નક્કી થાય છે.તેની ઓળખ તે કયા કુટુંબનો સદ્સ્ય છે તેના પરથી નક્કી થાય છે.કોઈપણ કુટુંબની ઈમેજ તેમના વડવાઓથી ચાલી આવતી પરંપરાઓ તેમજ માનમર્યાદાઓને સાચવવામાં કેટલા સફળ થયા તેના પર આધાર રાખે છે.માનવઘડતરમાં કુટુંબ મહત્વની ભૂમિકા ભજવે છે.

દરેક વ્યક્તિએ એ નોંધી લેવું જોઈએ કે,

ચારિત્ર્ય એ જ સર્વોત્તમ **શક્તિ** છે,
ચારિત્ર્ય એ જ સર્વોત્તમ **સંપત્તિ** છે,
ચારિત્ર્ય એજ સર્વોત્તમ **ધર્મ છે** અને
ચારિત્ર્ય એ જ સર્વોત્તમ **મોક્ષ** છે.

માતાઓએ પણ દરેક બાળકના હૃદયમાં આ વાતને ઊંડા અક્ષરે કોતરવી જોઈએ.

જીવનના પાઠ શીખવવામાં વાણી મહત્વનો ભાગ ભજવે છે.કહેવાય છે કે,

" ચઢે પડે જીભ વડે જ માનવી."

વાણી અને પાણી કદી વેડફાય નહીં અને તેને વેડફી નાખનાર કદી સાબુદ રહે નહી.

વાણીએ ચારિત્ર્યવાન માણસોનું ઘરેણું છે.

દ્રવ્યના ભંડારોમાં જે મૂલ્ય હિરા,માણેક ને ઝવેરાતનું છે તેવું માનવઘડતરમાં ચારિત્ર્યનું છે. મહાન દ્રવ્યભંડાર કરતાં કીર્તિ અને પ્રેમનો ભંડાર બહુ જ મહત્વનો છે.ચારિત્ર્યવાન વ્યક્તિ જ કીર્તીના મિનારા રચી શકે છે અને પ્રેમનો પ્રવાહ વહાવી શકે છે.માણસ મન,વચન અને કર્મથી શુદ્ધ હોવો જોઈએ.વચન એ રત્ન છે.મન એ રત્નોની ખાણ છે.મુખ એ રત્નોની તિજોરી છે.પારખનારા પારખી લે છે એ અણમોલ રત્નોની ખાણ પછી તિજોરી પણ ખુલે છે સાચા પરખંદાની સામે.

આવો આપણે એ વાણીરૂપી રત્નોના ગુણોને જાણીએ.

વાણીના આઠ ગુણ છે.

મધુરમ,નિપુણમ, સ્તોક્તમ,કાર્યોપાતતમ, ગર્વરહિતમ, અતુચ્છમ,પૂર્વ સંકલિત અને ધર્મસંયુક્તમ.

વાણી મધુર હોય એ સૌને ગમે.સૌ કોઈ પ્રિય વચન સાંભળવા તલસતા હોય છે.બાળકને બોલતું સાંભળવાની મજા આવે.એની એ મધુર વાણી વિલસે એ પહેલાં તેની મધુરતાને પોષવાનું રખે ચૂકતા.બાળક બોલવા લાગે એટલે તેનો પ્યારભર્યો શબ્દ 'મા'છીનવી લેવામાં આવે અને શીખવાડી દેવાય છે,મમ્મી,મૉમ,પપ્પા,ડેડ એટલે સુધી કદાચ ચાલી જાય પણ એ,બી,સી,ડી....વન,ટુ,થ્રી..ને કેટ,ડૉગ,પેરટ ને પછી પીકૉકની ગોખણપટ્ટી ચાલે એ શું પામે! અત્યાર સુધી તેના પ્રત્યેક બોલે કિલકિલાટ કરતું બાળક હવે પહેલાં જેવું રહ્યું નથી.કારણ હવે તમે કહો તે જ ને તમે બોલો તેમજ તેને બોલવાનું છે.કળીને ખીલવા માટે સવારના પ્રહોરનો મૃદુ પ્રકાશ જોઈએ .તેજ ધુપથી તો તે મુરઝાય જાય. 'મા'ના પ્રેમ અને વહાલ ભર્યા શબ્દો આધુનિક દુનિયાની ભેખે ચઢી ગયા.શબ્દોની મધુરતા વાણીને સૌંદર્ય બક્ષે છે.સાંભળનાર પણ પ્રિય વચન સાંભળવા તલસે છે.

શબ્દોમાં એવો જાદું છે કે માણસના દુઃખ દર્દને ભૂલાવી શકે છે.

એક કવિએ શબ્દ વિશે ખૂબ કહ્યું છે.

''શબ્દ શબ્દ તું કયા કરે,

શબ્દ કો હાથ ન પાવ,

એક શબ્દ ઔષધ કરે,

એક શબ્દ કરે ઘાવ''

જે સેવાનાં કામ હાથ-પગથી થઈ શકે એ કામ વાણી પણ કરી શકે છે. વાણીનો યોગ્ય ઉપયોગ દાઝેલા હૈયાના ઘા પર મલમપટ્ટાનું કામ કરે છે પણ અયોગ્ય રીતે વપરાયેલા શબ્દો જખમ ઉભો કરે એટલા માટે આપણી વાણી મધુર હોવી જોઈએ. એકવાર મધુરાષ્ટકમ્‌નું ગાન કરી શબ્દમાધુર્યનું રસપાન કરો તો સમજાશે શબ્દગુંથણીનું માધુર્ય.



વાણીનું બીજું તત્વ છે ''નિપુણમ''. વાણીમાં જે નિપુણ હોય તે કોઈની ખોટી ખુશામત કદી નહીં કરે. વાણી વિવેકની પાઠશાળા સમજો, તેની પાસેથી શીખ લેવી જોયએ. સ્વામી વિવેકાનંદના ઘર સાથે સજ્જનલોકોની અવરજવર રહેતી. સ્વ. એ. પી. જે. અબ્દુલ કમાલના પિતાશ્રીની પણ સજ્જન માણસો સાથેની દોસ્તી હતી. મહાન માણસોના ઘર કૌટુંબિક અને સામાજિક વ્યવહારો જાણશો તો સમજાશે કેવા કે માણસો જોડે વ્યવહાર રાખવો કે જેથી બાળકોને સંસ્કાર મળે અને વ્યક્તિત્વ વિકસે છે.

સજ્જન માણસો સાથે સામાજિક સબંધો કેળવવાથી ફાયદો થશે.

વ્યસની, અપરાધી કે જૂઠું બોલનાર વ્યક્તિઓથી બાળકોને દૂર રાખવા કારણકે બાળક તેના પ્રશ્નોના ઉકેલ આપણા વ્યવહારમાંથી શીખે છે. આપણા લોકો સાથેના

આપણા વ્યવહાકમાંથી શીખે છે. આપણા લોકો સાથેના વ્યવહાર-વર્તનની સીધી અસર બાળકની કેળવણી પર પડે છે. અટલજી, અમિતાભ બચ્ચન એ આપણી સામે રહેલા જીવંત ઉદાહરણ છે.

વાણીનો ત્રીજો ગુણ છે, ''સ્તોકતમ્'' એટલે થોડું બોલવું. જરૂર પડે ત્યારે બોલવું અને વિષય બહારનું હોય ત્યાં મૌન રહેવું. બહું બોલનાર વ્યક્તિ વાતોડિયામાં ખપી જાય છે તેના બોલની કોઈ કિંમત રહેતી નથી. કેટલાકને ભાષણ કરવાનો રોગ લાગું પડ્યો હોય છે, એકની એક વાતોથી લોકો કંટાળી જાય છે તેથી જ તેમના ભાષણનું કોઈ મોલ રહેતું નથી. વાણીનું મૂલ્ય સમજનાર આવી વ્યકતિઓથી અળગી થઈ જાય છે અને સામાજિક આધાર પણ ઘટે છે.

નેતૃત્વના ગુણમાં પ્રથમ પગથિયું છે ભાષણ કરતી વખતે વિષય, સમય અને શ્રોતાગણને પારખીને બોલે જેથી લોકોનો વિશ્વાસ કેળવી શકાય.

વાણીનો ચોથો ગુણ છે, ''કાર્યોપાતતમ્'' એટલે કે ખાસ કામ હોય ત્યારે જ બોલવું. આ ગુણ બાળકમાં હોય જ છે. બાળપણમાં તેની સાથે થયેલા વ્યવહારોમાંથી તે શીખે છે. ઘરનું શાંત વાતાવરણ માણસને શાંતિ કેમ રાખવી તે શીખવે છે. ઘણા લોકો ઝગડાખોર હોય છે તેઓ ઝગડે નહીં તો ચેન ન પડે. જ્યારે ઘણી વ્યક્તિઓ એવી હોય છે જીવનમાં કદી કોઈની સાથે ઝગડે જ નહીં, એમને ઝગડતાં આવડે જ નહીં. સામાન્ય રીતે મૌનનો મહિમા સમજનારમાં આ ગુણ વિકસે છે.

'ન બોલ્યામાં નવ ગુણ'

વાત સમજે એને ઝગડવાનું રહેતું નથી.



વાણીનો પાંચમો ગુણ છે, ''ગર્વરહિતમ્''એટલે કે,વાણી અભિમાન વગરની હોવી જોઈએ.અભિમાની વ્યક્તિ પોતાની બડાઈ હાંકે જાય છે,શાણા શ્રોતા મનમાં મલકાય છે બાકી લોકો તેની ઠેકડી ઉડાડે છે.આવા માણસો સામેની વ્યક્તિનું મનોબળ તોડવાનું કામ કરતા હોય છે.આજે ઘણા લોકો કામ કરતા નથી પણ માત્ર બોલીને મોટા થવા માગતા હોય છે.

'મારું કામ એ જ મારો સંદેશ'

-ગાંધીજીનો જીવન મંત્ર રહ્યો.પરિણામે તેમનો બોલેલા શબ્દે શબ્દનું માન હતું.તેમનું ભાષણ સાંભળવા ભૂખ-તરસ વેઠીને લોકો માઈલો સુધી ચાલીને જતા.આજે કેટલાક લોકોને શ્રોતાઓ ખરીદવા પડે છે,કેટલાક વકતાઓ માટે તો શ્રોતાઓને જમવા સાથેની સગવડ આપવા છતાં સાંભળવા કોઈ તૈયાર નથી.જીવનમાં અવગુણ પ્રવેશે નહીં તેની ખૂબ કાળજી લેવી જોઈએ.

વાણીનો છઠ્ઠો ગુણ છે, ''અતુચ્છમ્''વાણીમાં તોછડાપણું ન હોવું જોઈએ.ઘરમાં માતા-પિતા,ભાઈ-બહેન,નાના-મોટા સહું જ્યારે એકબીજાનું સન્માન જાળવતા નથી ત્યારે આવી અવિવેકભરી વાણી પ્રગટે છે .જીવનમાં એક વખત આવો દુર્ગુણ પ્રવેશી ગયા પછી તેને પોષવો પડતો નથી એ તો મોકો મળે એટલે આપો આપ પ્રગટ થઈ જાય છે.ખાસ કરીને આ પ્રકારનો વ્યવહાર બાળકો ઘરમાંથી શીખે છે.તેથી ઘરના સભ્યોએ ઘરમાં નાનું બાળક હોય તેની સામે અને તેની સાંભળતાં તોછડા શબ્દોનો પ્રયોગ ન કરવો જોઈએ.કુમળા છોડને બરછટ કરી નાખતા કૌટુંબિક પર્યાવરણને સુધારી લેવું જોઈએ.જે ઘરમાં સુચારું વાતાવરણ ન હોય તે ઘર બાળક માટે અભિશાપ બની રહે છે.દિકરી હોય કે દિકરો તેની સાથે સમાન વ્યવહાર રાખવો જોઈએ.બાળપણમાં પડેલી સંસ્કારોની ખોટ જીવનભર સાલે છે તેને પછી આપણે સુધારી શકતા નથી.વાણીમાં હોય તે વર્તનમાં આવે તેથી વાણીનું જીવનમાં ખૂબ મહત્વ છે.

વાણીનો સાતમો ગુણ છે, ''પૂર્વસંકલિતમ્''.એટલે કે જે બોલવું હોય તે સંકલનપૂર્વક વિચારીને બોલવું.જેમ પાણીને બેવડે ગળણે ગાળીને પીવાથી રોગ ટળે છે તેમ વાણીનું પણ સમજવું.જે બોલો તે વિચારીને બોલવું.સામેની વ્યક્તિને દુઃખ થાય તેવા શબ્દો કદી ન વાપરવા.તેથી વાણી વિશે કહેવાયું છે કે

''બોલ અમોલખ બોલ હૈ,બોલ શકે તો બોલ,
પહેલે ભીતર તોલ લે બાદ મે મુખડા ખોલ.''

વિચારીને બોલેલા શબ્દોની કિંમત અંકાય છે,ફોગટનો વાણી વિલાસ વ્યક્તિત્વને હાનિ પહોંચાડે છે.

કમાનમાંથી છુટેલું તીર અને
મુખમાંથી નીકળેલા શબ્દો કદી પાછા વાળી શકાતા નથી.

માટે સંયમપૂર્વક વિચારીને બોલવાનો ગુણ કેળવવો અભ્યાસ માગી લે છે.

કેટલાક અનુભવી લોકો પણ વાણીમાં એવો બફાટ કરતા હોય છે કે ન પૂછો વાત.શબ્દોની માયા જાળમાં ફસાય જઈને સહન કરવું પડે તેના કરતાં સંયમપૂર્વક બોલવું કે પછી 'ન બોલ્યામાં નવગુણ' કહેવતને ન્યાય આપવો જોઈએ.શબ્દનું મૂલ્ય તો તેનો સાચો સાધક જ સમજી શકે :

'' શબ્દ સરીખા ધન નીં,જો કોઈ જાને બોલ,
હીરા તો ધને મિલે શબ્દ ન મિલે મોલ''

વાણીનો આઠમો ગુણછે, ''ધર્મસંયુક્તમ્'',એટલે કે વાણીમાં ધર્મ હોવો જોઈએ.વાણી પવિત્ર છે.આપણે મા સરસ્વતીના આરાધક છીએ.આપણા બોલેલા શબ્દો બીજાને જેવી અને જેટલી અસર કરે છે તેનાથી અનેક ઘણી અસર આપણને થાય છે.કોઈના માટે ધિક્કારભર્યા વેણ ઉચ્ચારો ત્યારે યાદ રાખજો કે એ ખજાનો આપણી ભીતર ભર્યો હશે અને જેટલો વાપરશો એટલો જ વધશે.તમારી પાસે જે હોય તે જ બીજાને આપી શકો છો.તમારી ભીતર પ્રેમ,દયા,કરુણા હશે તો તમે તે આપી શકશો પણ ધિક્કાર,તિરસ્કાર,ઈર્ષા ભરી હશે તો તે જ આપી શકશો.અહી એક જ વાત કહેવાની થાય છે કે,

વાણી ને પાણી જીવને સમૃદ્ધ કરનાર છે
તેનું તો શુદ્ધ સ્વરૂપ જ ખપે.

માનવપિંડના ઘડતરમાં આ 'વાક પુષ્પ' અર્પણ કરુ છું.

૧.માનવપિંડનું ઘડતર


- શ્રી આઈ.એન.પટેલ

સામાન્ય રીતે મનુષ્યદેહની ત્રણ અવસ્થાઓ જોવા મળે છે.જાગ્રત,સ્વપ્ન અને સુષુપ્તિ.જાગ્રત અવસ્થામાં ઈંદ્રિયો તેમના વ્યવહાર કરવા સ્વતંત્ર હોય છે.જાગ્રત અવસ્થામાં દરેક ઈંદ્રિયો વહન કરવા કે પતનપણા માટે સાવધાન હોય છે.જાગ્રત અવસ્થામાં થતા વ્યવહાર જગત જોઈ જાણીશકે છે. ઈંદ્રિયોને બુદ્ધિપૂર્વક સ્વધર્મમાં રહે તેમ કરવાથી જીવનવ્યવહાર સમૃદ્ધ બનાવી શકાય છે.

સ્વપ્નાવસ્થામાં ઈંદ્રિયો શિથિલ હોય અને મન વહન પણાના વિચારો કર્યા કરે છે.ઈંદ્રિયો સ્થિર હોવા છતાં તે ક્રિયામાં પ્રવૃત હોય તેમ મન વિચારે છે.સ્વપ્નમાંથી જાગ્રત થતાં આપણને તેનો ખ્યાલ આવે છે.

સુષુપ્તિ : ઈંદ્રિયો અને મન અજ્ઞાનપણામાં ડૂબી જાઈને થાકથી કેવળ અશક્ત થઈ જાય તેને સુષુપ્તિ અવસ્થા કહે છે.


શબ્દ,સ્પર્શ,રૂપ,રસ ને ગંધ એ આકાશ, વાયુ,અગ્નિ,જળ ને પૃથ્વી નામના પંચ ભૂતોથી ઉત્પત્તિ થઈછે.તે પંચભૂતોમાં તેમની સ્થિતિ અને તે જ પંચભૂતોમાં તેનો લય થાય છે.તેથી કહી શકાય કે આ પંચભૂતો જ તેનું પોષણ કરી રહ્યા છે.પંચમાત્રાઓના વ્યયનાં દ્વાર પાંચ છે.




રૂપનું દ્વાર - આંખ,

શબ્દનું દ્વાર - કર્ણ,






સ્પર્શનું દ્વાર - ત્વચા(ચામડી),



રસનું દ્વાર - જીભ છે.



ગંધનું દ્વાર - નાક,

આ પંચભૂત બ્રહ્મમાંથી ઉદ્ભવેલા છે.બ્રહ્માંડ જે રીતે વિકસી રહ્યું છે તે જતાં તેની અનંત યુગો સુધી આવી જ અસર રહેશે.વાયુગોળાની વાયુ સ્વરૂપમાંથી પ્રવાહી અને ઘન સ્વરૂપો થવા લાગ્યા.તેનો આધાર પંચભૂતો(તત્વો) છે,જેનાથી આ વિશ્વનું સર્જન થયું છે.તેનું રૂપાંતરિત પામવું અને મૂળરૂપમાં સમાવવું એ ઘટનાક્રમ સર્જનપૂર્વેથી ચાલ્યો આવે છે.ભૂત નામ 'શિવ' જેને રસબ્રહ્મ કહેવામાં આવે છે.તેની વિક્રિયતાના પ્રથમ પાંચભાગ પંચભૂત છે.આમાં ઈંદ્રિયો એ ગ્રાહક અથવા પતન થવાનાં દ્વાર છે. ઈંદ્રિયોની દ્રષ્ટિએ જ આને 'શિવ'કહ્યો છે. 'શિવ'નો વ્યય કે પતનપણું હોતું નથી પણ ઈંદ્રિયોની ઉત્પત્તિ,સ્થિતિને લય કરે તે તેનો બ્રહ્મ ગણાય.ઈંદ્રિયોનો પોષક,શોષકને ઉત્પન્ન કરનાર 'શિવ' છે.

'શિવ'નું બીજુ નામ પંચાનન પણ પડયું છે.પંચદશીમાંથી શરીર બંધારણનું કોષ્ટક અહી આપ્યું છે.શરીર બંધારણમાં પંચ તત્વો મહત્વના છે.

પંચભૂતમાં અગ્નિ પ્રધાન છે.ઈશ્વરેચ્છાથી પંચમહાભૂત ઉત્પન્ન થયાં.પાંચભૂતો જળથી ગુણક કર્યુ અને પાંચ ઈંદ્રિયો ઉત્પન્ન થઈ.અંતઃકરણ એટલે સૂક્ષ્મ દેહનું ઐક્યાત્મક સ્વરૂપ જેમાં મન, બુદ્ધિ, ચિત્ત (અગ્નિ) ને અહં(પુરુષ) અને (જ્ઞાનઈંદ્રિયો) સૂક્ષ્મ ઈંદ્રિયોનું સ્વરૂપ આ સર્વનો એક ગોળો તેનું નામ સૂક્ષ્મદેહ (અંતઃકરણ) જે કારણદેહની નજીક છે.

જળની જેમ વાયુ,વહન કરાવનાર પંચમહાભૂતો સાથે ગુણક થતાં અનુક્રમે આકાશથી વાણી,વાયુથી હાથ,અગ્નિથી પગ,જળથી ગુદા ને પૃથ્વીથી લિંગ (કર્મેન્દ્રિયો)ઉત્તરોત્તર ઉત્પન્ન થયાં.

કર્મેન્દ્રિયો જો કામ ધર્મરૂપ (પ્રકૃતિને અનુરૂપ નિજધર્મ) હોય તો જીવનરસને શુદ્ધ કરનાર અને તેની વિરુદ્ધ હોયતો અશુદ્ધ કરનારુ છે.તેનું ઐક્ય સ્વરુપ એટલે પ્રાણ તે જીવનરસથી રત જીવનતત્વ હૃદયમાં રહે છે.

જીવનતત્વ ઊર્ધ્વ જાય તે પ્રાણ, અધઃ જાય તે અપાન,નાભિના મધ્યભાગમાં રહે તે સમાન,પ્રાણની જેમ આખા શરીરમાં વ્યાપ્ત અને

શરીરના બંધારણનું કોષ્ટક

તત્વ	આકાશ	વાયુ	અગ્નિ	જળ	પૃથ્વી	રિમાર્ક
આકાશ	*શિરાકાશ*	*પ્રસારણ*	*નિદ્રા*	*લાળ*	*રોમ*	*દરેક તત્વ(ભૂત)ના આઠ ભાગ ને અન્યના બે મળી શરીરબંધારણ ઘડાય છે.*
વાયુ	*કંઠાકાશ*	*ધાવન*	*તૃષા*	*સ્વેદ*	*ત્વચા*	
અગ્નિ	*હૃદયાકાશ*	*ઉતક્રમણ*	*ક્ષુધા*	*મૂત્ર*	*નાડી*	
જળ	*ઉદરાકાશ*	*ચલન*	*કાંતિ*	*શુક્ર*	*માંસ*	
પૃથ્વી	*કટ્યાકાશ*	*સંકોચન*	*આળસ*	*શોણિત*	*અસ્થિ*	

આખા શરીરને પોષકતા કરનાર જીવનતત્વ તેને 'સમાન' કહે છે. પોષક તત્વ શરીરમાં વપરાયા પછી જે મૂર્ધ જવા સારુ કંઠમાં આવે તે ઉદાન (અન્ન અને જળનો સમૂહ)જેનાથી અવાજ પ્રગટ થાય છે. અવાજ રૂપ પ્રણવથી ઉત્પન્ન થતા બાવન અક્ષરોના ધ્વનિની ઉત્પત્તી થાય છે જે શરીરમાં વ્યાપ્ત છે , તે 'વ્યાન'. અન્નરૂપી જળ કે જે પોષક માટે વપરાય ગયું તે 'વ્યાન'. આ પાંચ ભાગ તે વાસ્તવમાં એક જ સ્વરૂપ છે પણ કર્મના ભેદથી તેના ભાગાકાર થયા છે. આ જીવનતત્વરૂપી જીવનરસ ઊર્ધ્વ સ્થિતિ પામે તે 'પ્રાણ', અધઃથાય(વિષય ભોગમાં વપરાય)તે 'અપાન', શરીરની પોષકતામાં વપરાય તે 'વ્યાન', જે પોષકતા માટે શરીરમાં ફરે છે ,તે 'સમાન' અને શરીરમાં પોષકતા કરતાં વધ્યું તે ઉર્ધ્વે જવા કંઠમાં આવે તે 'ઉદાન'. આમ સમગ્ર દેહમાં પ્રાણ તત્વ સંચરે છે એ જ પંચપ્રાણ.

સૂક્ષ્મ શરીર : શ્રોત્ર,ત્વચા,નેત્ર,રસ,ઘ્રાણ આ પંચ જ્ઞાનેંદ્રિયોને વાણી,હાથ,પગ,ગુદા ને લિંગ આ પાંચ કર્મેંદ્રિયો ,પ્રાણ,અપાન,વ્યાન,સમાન,ઉદાન પંચપ્રાણ સાથે મન અને બુદ્ધિઆ સત્તરનું ઐક્ય સ્વરૂપ તે 'સૂક્ષ્મ શરીર' કહેવાય.

માનવ દેહ જેને સામાન્ય રીતે માનવશરીર તરીકે નિહાળીયે છીએ તે તથા સૂક્ષ્મદેહ અને કારણદેહનું દિવ્યજ્ઞાન 'પંચદશી' માં ઊંડાણપૂર્વક સમજાવામાં આવ્યું છે. અહી આપણે માનવપિંડના ઘડતરમાં તેના કેટલાક અંશ લઈ સમજવાની કોશીષ કરી છે. જે મર્યાદિત શબ્દોમાં હોય કેટલુંક સૂક્ષ્મ ગણિત મળશે નહીં તે ક્ષમ્ય ગણવા અનુરોધ છે.

તમારા જન્મ કે મરણમાં તમારી હાજરી નથી હોતી,
તેથી જ તેની વશેષતા હોય છે.



આપણી જન્મ તારીખ કે મરણ તારીખ એ કે જાતે લખાવી શકતા નથી.
જન્મ તારીખ બાપ લખાવે અને મરણ તારીખ બેટો લખાવે.

૧.માનવપિંડનું ઘડતર

- શ્રી આઈ.એન.પટેલ



મારો જન્મ યોગ્ય સમયે ને યોગ્ય જગ્યાએ જ થયો એ જ મોટું આશ્ચર્ય છે! પરમેશ્વરે અનેક અવતારો ધારણ કરી જે ધરાને પાવન કરી છે તે માટીમાંથી મારું ઘડતર થયું છે એ જ એક અદ્‌ભૂત ઘટના છે. આ ભૂમિ ત્યાગની ભૂમિ છે. જ્યાં રાજાઓએ પોતાના રાજપાટ છોડી સંન્યાસ લીધો છે. તો આ આશ્ચર્યની ભૂમિ છે જેણે ચીંથરેહાલ ભિખારીને રાજા બનાવી દીધો છે. અહીં એક માણસ બીજા માણસના દુઃખ-દર્દને સમજી લે છે તેને કહેવાની જરૂર રહેતી નથી અને તેનાં દુઃખ-દર્દ ઓછું કરવા પર્યાપ્ત પ્રયત્નો કરે છે. તેમાં તેને સુખ મળે છે. પર દુઃખભંજન રાજા વિક્રમની ધરા, શેઠ શગાળશા, જલારામ બાપાની દિવ્યભૂમિ જેમના દિવ્યકર્મોની સુવાસ દિન-પ્રતિદિન ચોમેર પ્રસરી રહી છે.

આ ધરા પર અવતરનાર બાળક ચાહે ઝૂંપડીમાં જન્મે કે મહેલમાં તે મહાન છે. જેમના માટે મહેલોના દ્વાર ખુલ્લા હતા એવા મહાત્મ્યોએ પોતાનું જીવન ઝૂંપડીમાં ગાળ્યું અને જીવનભર પોતાના કર્તવ્યનું પાલન કરતા રહ્યા. જેનાથી ચાલતી રાજ્યવ્યવસ્થા ખરા અર્થમાં લોકભોગ્ય બની રહી હતી એવા મહાત્મ્યોની ભૂમિ પર અવતાર ધારણ કરી ભલા કોણ પછતાય! છતાં આજનો ભૌતિકવાદ પ્રજાને એવો સ્પર્શી ગયો છે કે સુખની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. આજનો ભૌતિકવાદી માનવ માત્ર પૈસા માટે જ જીવે છે એમ કહેવામાં કંઈ ખોટું નથી. પણ એથીયે વધારે દુઃખ ત્યારે ઉપજે છે આવનાર સંતાનને વધુમાં વધુ પૈસા કમાઈ શકે એ રીતે જ તૈયાર કરવામાં આવે છે જ્યારે તેના જન્મ પછી જીવન-સંસ્કારોનું ભાથું બાંધવાનું રહી જાય છે ને માત્ર પૈસાની ગઠરી બાંધવાનું શીખવવામાં આવે છે.

પ્રકૃતિનો નિયમ એ છે કે ,જે છે તેમાં નવું ઉમેરી શકાતું નથી તેનો નાશ કરી શકાતો નથી તેના સ્વરૂપ બદલાય છે. એકની પાસેથી વધુ આવે તો બીજાને તેની ખોટ વર્તાય છે. દરેકને જરૂર પૂરતું મળી રહે એવું કુદરતનું સર્જન છે તેને અસંતુલિત કરવાનું કાર્ય સ્વાર્થવૃત્તિ પ્રેરે છે. ખપપૂરતું લેવાનો, વાપરવાનો આગ્રહ રાખનારા કદી દુઃખી થતા નથી. કેટલાક માનવતાના કિસ્સાઓ સાંભળીએ ત્યારે આપણી જાહોજલાલી પર આપણને દયા આવે. એક વિધવા બાઈ ઘરનું ભાડું ચૂકવી ન શકવાથી એણે પોતાની ખપપૂરતી રાખેલી ચીજવસ્તુઓ વેચવા કાઢી એ વખતે એક સજ્જને ભાડુઆતને ભાડું ચૂકવી દીધુ અને તેની ચીજવસ્તુઓ જેના પર તેનો જીવન નિર્વાહ ચાલતો તે વેચતાં અટકાવ્યાં. આ કાર્યની આજુબાજુના લોકોના માનસ પર એવી અસર થઈ કે નાના બાળકોથી લઈ સૌ તે વિધવાબાઈના દુઃખને દૂર કરવાના પ્રયત્નો કરતા ત્યાર પછી તે વિધવાબાઈ મૃત્યુ પામી ત્યાં સુધી તે લોકો તેની સાથે રહ્યા તેને કોઈ વાતનું દુઃખ ન પડે એની કાળજી લેતા અને આનંદ-ઉત્સવમાં પણ સાથે રાખતાં. આવું મંગળકાર્ય કરનારનું જીવન ધન્ય છે. આ ભૂમિ પર દરેકને પોતાનું કર્તવ્ય કરી પાવન થવાની તક અચૂક મળે છે. તેથી ભારત દુનિયાની પવિત્ર, પાવનભૂમિ ગણાય છે. જ્યાં લોકો મૃત્યુ પહેલાં એક વખત યાત્રા કરવાની ઈચ્છા રાખે છે.એ દેવોની ભૂમિ છે. જો તમે દુઃખી માણસના ગાલ પર એક અશ્રુબિંદુ ઓછું પડવા દીધું હોય, જો તેને કોઈ મનુષ્યના મુખારવિંદ પર એક સ્મિત વધારે પ્રકટ કર્યું હોય, તો સમજો તમારું જીવન સફળ ગયું .એ કાર્ય તમને જેટલી ખુશી આપી શકે છે તેટલી હજારો લાખો રૂપિયા પણ આપી શકશે નહી. બધા માણસો સુખ શોધે છે. જે લોકો સુખને બાહ્ય ચીજવસ્તુઓમાં શોધે છે તેઓ અંતે દુઃખી થાય છે. કસ્તુરીમૃગની માફક સુખને બહાર શોધનારને ખબર નથી એ સુખ તેની અંદર જ છે. હું નાનો હતો ત્યારે રમકડું ખરીદવા પૈસાની જરૂર હતી ત્યારે પૈસા ન

ન હતા. આજે પૈસા છે પણ રમકડાની ઈચ્છા નથી. એક સમયે પૈસા ન હતા તેનું દુઃખ હતું આજે પૈસા છે છતાં એનું સુખ નથી. તો સુખ-દુઃખ છે શું? એ જ સમજવું અઘરું છે. કોઈનો મહેલ જોઈને આપણી ઝૂંપડીને સળગાવી દેવાય? કુદરતે એવી ભિન્નતા સર્જી છે કે જેમાં દરેકને પોતાનું સુખ શોધવાની તક મળે છે કોઈ ધનમાં રાજી, કોઈ જ્ઞાનમાં, કોઈ સર્જનમાં રાજી. પિકાસોએ ધન વૈભવ કયાં માગ્યાં. એની કલા રંગ લાવી ગઈ. નંદ રાજાએ ધનમાં સુખ શોધ્યું? શું મળ્યું? વિનાશ. સુખી થવાનો પહેલો માર્ગ આપણી પાસે છે તેને માણવાનો સમય મળે તો તમે સુખી. ભિખારીને ભીખમાં ખાવાના સમયે મળેલી રોટલી જે સુખ આપી શકે છે તે ડાઈનિંગ ટેબલ પર વિવિધ વ્યંજનોથી ભરેલી ડીસ જમવાનો જેની પાસે સમય નથી તેને એ સુખ આપી શકે ખરું! એક વ્યક્તિ પોતાની પાસેના પચ્ચીસ લાખની મૂડીમાંથી વીસ લાખ મોજવિલાસમાં ખર્ચી નાખે છે પછી વધેલા પાંચ લાખમાં પોતાનું જીવન કેમ કરી વ્યતિત કરી શકશે? એની ચિંતામાં તે ઝેર ખાઈને મરણ પામ્યો. જ્યારે સજ્જનના ઘરે ચોરી થઈ હતી એ બધો માલ સામાન ચોરો લઈ ગયા. પહેરવા, ઓઢવાનાં કપડાં પણ ન રહેવા દીધાં. તેણે કહ્યું કુદરતનો ન્યાય સાચો હોય છે.

તે જ આપણો ખ્યાલ રાખશે. બીજા દિવસથી મહેનત કરવા લાગ્યો જે હતું તેના કરતાં અનેક ઘણું મેળવી શકયો. તેણે કહ્યું જો ચોર ચોરી કરી ન ગયો હોત તો હું મારી મિલકતમાં રાજી હોત ને આટલું કમાઈ શકયો ન હોત. પાછલી જિંદગીમાં હું દાન પુણ્ય, કર્મ કરવા જેટલું આપજે. તેના બદલે મારે માટે ખાવાના પણ સાંસા પડત. એક માણસનું મન તેને એક ઝુંપડામાં પણ રાજા બનાવે છે. જ્યારે બીજા માણસનું મન તેને રાજમહેલમાં રહેવા છતાં પણ કંગાલ બનાવે છે.

માણસનું આનંદી અને ઉત્સાહી મન ઉદાસીન જગતને સ્વર્ગમાં ફેરવી નાખે છે. જ્યારે ઉદાસીન મન-હર્યાભર્યા જગતના સુખ સામ્રાજયને પણ નરક બનાવી મૂકે છે. સુસંસ્કૃત જીવન માનવના મનના દિવ્યવિચારોને પ્રેરે છે અને સર્વત્ર, સર્વકાલિન સુખ-સામ્રાજ્ય તરફ દોરે છે. ભલમનસાઈ, આનંદી સ્વભાવ, સહાનુભૂતિ એ કોઈ સોનારૂપાથી ખરીદી શકાય એમ નથી.



એ તો જીવનની હરેક પળને સુવર્ણ બનાવી દેતા દિવ્ય ગુણોના ઘુંટડે-ઘુંટડા પીવે એને મળે છે. એવી દિવ્યસંસ્કૃતિનો વારસો જેને મળ્યો છે તેનાં સંતાનો પામર હોઈ જ ન શકે. ઊઠો, જાગો... આપણા સંતાનોની આધુનિક યુગના એરું અભડાવી જાય એ પહેલાં તેમને સંભાળી લઈએ. તેમના જીવન સુસંસ્કૃત બને એવી એક પળ પણ ન ગુમાવીએ. આજની પળ એ મારી પળ છે. આજનો દિવસ મારો દિવસ છે. એમ કહી શકે એ જ સુખી છે. આવતી પળ કે આવતી કાલની દરકારમાં આજની પળ, આજનો દિવસ જીવવાનો રહી ન જાય.

મને આજના દિવસનું દર્શન કરવાની શકિત આપ અને તારે જોઈએ તો ભૂતકાળ અને ભવિષ્યકાળ તારા હાથમાં રાખ- *એમર્સન.*

આજની ઘડી તે રળિયામણી- બસ આજ ઘડીને માણવાની છે. એ જ સુખ આપનાર છે,તેને સુધારી લો, સંભાળી લો, માણી લો. વર્તમાન છોડી ભૂત-ભૂતકાળને સતાવે ને ભવ-ભવિષ્યકાળને સતાવે એમાં રાચતો માણસ વર્તમાન જીવવાનું ચૂકી જાય છે. દુઃખી થાય છે. પ્રત્યેક પળ નવીન હોય છે. તેની આપણી કરી લો. પ્રકૃતિમાં સતત પરિવર્તન થાય છે. કશું સ્થિર નથી. આપણી આજ- કાલે રહેવાની નથી.

- સાહસ વિના જીવન,જીવન નથી.

- ખરું સાહસ જીવનની હરેક પળને ઉપયોગી બનાવી માણી લેવામાં છે.

- જીવન બે બાબતો પર નિર્ભર છે. સમય અને આરોગ્ય સંભાળી લો.
- નવરા લોકો પાસે સમય નથી હોતો, કામ કરનારને બધી બાજુથી તક ને સમય મળી રહે છે.
- માત્ર કમાતાં આવડે એટલું પૂરતું નથી તેનો ઉપયોગ કેમ કરવો એ પણ આવડવું જોઈએ.
- આપણે સવારથી સાંજ સુધી કામ કરીએ છીએ, કામ કરતાં આવડે એ સફળ થાય.
- સફળ વ્યકિતના રસ્તે ચાલી કોઈ સફળ થતો નથી. સફળ વ્યકિતની રીતે ચાલો, રસ્તો તમારો હોવો જોઈએ.
- લાંબો સમય જીવવું હોય તો ધીમે-ધીમે જીવવાની જરૂર છે.- સિસેરો
- જુઓ કુદરતની ઘંટી ધીમેથી દળે છે. પણ અત્યંત ઝીણું દળે છે.- ફેડરિક વૉન લાગો
- આ વિશ્વમાં સર્વથી વધારે અદ્‌ભૂત એવી જે આપણી જાત તેને બરાબર ઓળખવી એ જ આપણું ઈતિ કર્તવ્ય્ છે.-કોલરિજ

આજે આપણે માનવજીવનના પાયાની બાબતોને ભૂલતા જઈએ છીએ. જે સુખની પાછળ દોડીએ છીએ તે આવે તે પહેલાં જીવન સમાપ્ત થઈ ગયું હોય છે. બચપન ખેલમેં ખોયા, જવાની નિંદભર સોયા, બુઢાપા દેખ કર રોયા- યાદ રહે ઈશ્વર પ્રત્યેક પક્ષીને ખોરાક આપે છે. પરંતુ તે તેના માળામાં ખોરાક ફેંકતો નથી. પરિશ્રમ જીવનનું ઘરેણું છે. તેથી કહ્યું છે- પરિશ્રમ એ જ પારસમણિ. પરિશ્રમમાંથી આરોગ્ય અને આરોગ્યમાંથી આનંદ પેદા થાય છે. બેસી રહેવાથી ટેવાયેલાને ભૂતનાં બિહામણાં સ્વપ્નો આવે એની વિચારશક્તિ ક્ષીણ થઈ જાય એમ બેઠેલાનું જીવન ખુબ જલ્દી ક્ષીણ થાય છે. માનવજીવનનો આનંદ હરક્ષણ-હરપળ- કર્મને માણવામાં રહેલો છે.

નવરાશની પળોમાં આનંદ માણવાની વાત મૂર્ખાઓની કિતાબમાં મળશે. કામ કરે ઈ જીતે. કામ કરતો જા, હાક મારતો જા- જેની શોધ તને છે એ તારી સાથે હશે પણ તું કર્મ કરતો હોઈશ એ એની પ્રથમ શરત છે. માનવઘડતરની કોઈ કિતાબ નથી. જીવન ખુલ્લી કિતાબ હોવી જોઈએ. જીવનને જીવનભર માણો એ જ ભાવ સાથે ભાવપુષ્પ અર્પણ કરું છું.





૧.માનવપિંડનું ઘડતર

શ્રી આઈ.એન.પટેલ



માતાના વિચારોની અને વર્તનની અસર બાળક ઉપર અવશ્ય થાય છે . પછી ભલેને તે માતાના ગર્ભમાં વિકસતું હોય કે તેની ગોદમાં ખેલતું હોય. જ્યારે નેપોલિયન હિલના પત્નીને ગર્ભ પરિક્ષણમાં બાળક કાન વગરનું અને બહેરુ જન્મશે એવું જાણ્યા પછી નેપોલિયન હિલ અને તેમના પત્નીએ ગર્ભમાં રહેલ બાળકને પોતાની ભાષામાં દરરોજ કહેવાનું શરૂ કર્યું,:

"બેટા, તારે બે સુંદર કાન છે, જેનાથી તું પંખીઓના ટહૂંકા ને મધુર સંગીત સાંભળી શકીશ."


આ કોઈ મંત્ર નહીં પરંતુ વિકસતા બાળકની ક્ષતિપૂર્તિ માટે કરેલો પ્રયોગ માત્ર હતો. પુત્ર જન્મ્યો ત્યારે બે સુંદર કાન ધરાવતો અને બધું જ સાંભળી શકતો હતો. વૈજ્ઞાનિક યુગમાં સિદ્ધ થયેલ આ બાબતને આપણા ઋષિઓએ યુગોથી સંસ્કૃતિ સ્વરૂપે જ્ઞાની-અજ્ઞાની સૌને આપી દીધી છે. આપણે ત્યાં અભણ માતાઓ પણ સંસ્કારરૂપે આવું જ્ઞાન ધરાવે છે જે આપણે ત્યાં વારસામાં મળતું હોય છે. આ સમયમાં પતિનું જ મુખ જોવું, પતિ-પત્નીએ ઉભયપક્ષે સુંદર વિચારો ધરવા, દાન-પૂણ્ય કરવું, દેવ-દર્શન, પૂજા-વ્રત રાખવા, સજ્જનો-વડીલોના આશિર્વાદ મેળવવા વગેરે ક્રિયાઓને ભિન્ન-ભિન્ન ટ્રેડિશનમાં ભારતીય સંસ્કૃતિમાં જોવા મળે છે. પરંતુ આધુનિક યુગમાં બધું જ વિજ્ઞાન અને ડૉક્ટર પર આધાર રાખી માત્ર દવાઓને જ સુખ સાધક ગણી લેનારાઓએ એટલું તો અવશ્ય સમજી લેવું જોઈએ કે વિચાર-શક્તિની ટેબ્લેટ મળતી નથી. જીવનમાં દરેક ક્રિયા ભાવપૂર્ણ રીતે કરવાનો મહિમા છે. જીવનપોષક દ્રવ્યોને સરળતાથી સમજી શકાય છે. જોકે વિજ્ઞાનને તેમાં સારી સિદ્ધિ પણ મેળવી છે. જેમકે પવન, પાણી ને પ્રકાશ જીવ જગતને પોષતા રહ્યા છે જેની કિંમત હવે સમજાય છે. આખો દિવસ ઑફિસમાં વ્યસ્ત લોકો સન-રાઈઝ અને સન-સેટ માટે ખુલ્લા મેદાનો, દરિયા કિનારે કે પર્વતો, ટેકરીઓ પર જાય છે. એવાં સ્થળો આજે પ્રવાસન સ્થળો તરીકે વિકસ્યા છે. હાલ તેનું મહત્વ આનંદ પૂરતું રહ્યું છે. શ્રદ્ધા સ્થાનોની આજુબાજુ મોટા બજારો વિકસ્યાં છે. ત્યાં હોટલ-મોટલના ધંધા રોજગાર વિકસ્યા છે તેના મૂળમાં માનવવૃત્તિ રહેલી છે. બાળકોને શુદ્ધ પ્રકાશ, પવન અને પાણીની જરૂર રહે છે. શું આપણે તેમના માટે તે શુદ્ધ સ્વરૂપે સાચવ્યાં છે ખરાં? આપણે તો બધું ખરીદી લેવું છે. શુદ્ધ પાણીની માફક આજે તાજી હવા અને ચોખ્ખો પ્રકાશ પણ જો બજારમાં મળી જાય તો..! આપણે તે ખરીદી જ લઈએ. પણ આપણે તો ખરીદીનો રસ્તો જ ભૂલ્યા છીએ. બાળકો માટે એટલા પ્રકારની ખરીદી કરવામાં આવે છે જાણે કે ઘર આખું તેનાં રમકડાં, કપડાં ને ઢીંગલા-ઢીંગલીથી ઊભરાય જાય. બાળકો માટે સાબુ, પાઉડર અને દવાઓની તો જાણે ઘરમાં જ દુકાન લગાવી હોય એમ આખું કબાટ ભર્યું હોય છે. પ્લાસ્ટિકની કોઈપણ વસ્તુ ને રમકડાંથી બાળકોને કેટલું નુકસાન થાય છે તે બાબતે ડૉક્ટરોની સલાહ છતાં આપણે તે માનવા તૈયાર હોતા નથી.

આણંદમાં બાળકોના ડૉક્ટર બકુલ જોષી ખૂબ પ્રમાણિકપણે માતાઓને બાળકોના સ્વાસ્થ્ય માટે જરૂરી સલાહ આપતા. માતાના થેલામાં બાળકને દૂધ પીવડાવવાની બોટલ મળી જાયતો તેને ડસ્ટબિનમાં

પધરાવી દેતા અને માતાને તેની ગંભીરતાની નોંધ લેવા જણાવતા. એક ડૉકડર તરીકે માતાને દવા કરતાં સમજ વધારે આપતા. આજે આવા ડૉક્ટર્સ કેટલા? જે સાચા સમાજસેવક અને હિતરક્ષક હોય. આવા સ્વાનુભવને સમાજમાં જન-જન સુધી લઈ જવાય તોય ઘણું. બાળકો પાછળ ખર્ચાતા નાણાંની ચિંતા નથી પરંતુ તેમનાં સ્વાસ્થ્ય અને આનંદ-પ્રમોદ તો જાણે કે બજાર તરફ રુખ કરી ગયો છે. ભણેલા ગણેલા અને સોસાયટી સ્ટેટસ ગણાવતા સભ્યજનો બાળકો માટેના ખાસ સ્ટોલમાંથી ઘણી ખરીદી કરે છે જે પૈકી સિત્તેરથી એંશી ટકા વસ્તુઓ એમ જ વપરાયા વગરની નકામી થઈ જાય છે . જેમાં સગા સંબંધીઓ દ્વારા આપવામાં આવતી ગિફ્ટ પણ સામેલ હોય છે. વળી બાળકો માટે ઉપયોગમાં લેવાતી બધી વસ્તુઓ સેઈફ હોતી નથી.

આજે તો બાળક બાહ્ય વાતાવરણ સાથે સંસર્ગમાં આવે છે ત્યારે તેના આંખ, કાન, નાક સિવાય બધું જ કવર કરેલું હોય છે. માતાના ગર્ભમાંથી જન્મ ધરેલ બાળકને ધરતીમાતાની ગોદમાં સોંપી દેવાનું હોય છે પણ શું આપણે ધરતીમાતાને એનાં બાળકો માટે સેઈફ રાખી શક્યા છીએ ખરા? બાળકોને વારસામાં શુદ્ધ પવન, પ્રકાશ અને પાણી મળી રહે એ જ સાચી સોગાદ છે. વિજ્ઞાન કહે છે તેમ, બાળક પર પવન, પ્રકાશ અને પાણીની અસર થવા દો. તેને રાજાનાં કપડાં પહેરાવી દેવાથી તે રાજકુંવર બની જતો નથી. માટીના રત્નોને ત્રણે રાજતત્વો (પવન, પ્રકાશ અને પાણી)સાથે રમવા દો તો જ તેઓ ચમકશે. તેમની વૃત્તિઓને દબાવી દેવાના બદલે **પ્રકૃતિને અનુરૂપ બનાવો.** તેને ઊજાગર કરતી **શ્રી રવિન્દ્રનાથ ટાગોરની અદ્‌ભૂત કાવ્યરચના ગીતાંજલીમાં સંગ્રહાયેલી છે.** આ કાવ્ય રચનાને સાભાર સંસ્કાર ઘડતરના દિવ્ય હેતુ માટે અહીં રજુ કરું છું. તેનું રસપાન કરશો.

બાળકનો અધિકાર



બાળકનો અધિકાર

જે બાળકને તું રાજાના જેવા વેશે શણગારે છે
અને જેને તું મણિ અને રત્નોના હાર પહેરાવે છે,
તેનો રમતનો બધો આનંદ ઊડી જાય છે,
તેને વસ્ત્રો અને આભૂષણો ભારે બોજરૂપ થઈ પડે છે.
રખેને આંચકો લાગે ને ફાટી જાય,
ધૂળ લાગે ને ડાઘ પડી જાય,
એ બીકે તે બધાથી દૂર દૂર રહે છે
અને તેને ચાલતાં પણ વિચાર થઈ પડે છે
મા, આવા રાજાના જેવા શણગાર શા કામના?
આ મણિ અને રત્નોના હાર શા કામના?
તું જો બારણાં ખોલી દે તો,
હમણાં હું રસ્તા પર દોડી જાઉં
અને તડકામાં, પવનમાં, ધૂળમાં અને કાદવમાં
રમવા મંડી પડું.
જે બાળકને તું રાજાના જેવા વેશે શણગારે છે
અને મણિ રત્નોના હાર પહેરાવે છે
તે વિશ્વજનના મેળાની દિનભરની વિવિધ રમતોમાં
અને ચોપાસ હજ્જારો સૂરે ગાજતા વિરાટ સંગીતમાં
ભળવાનો અધિકાર ખોઈ બેસે છે.

-ગીતાંજલી

-શ્રી રવિન્દ્રનાથ ટાગોર

- જે ઘરમાં બાળક છે કે બાળક જન્મનાર છે તે ઘરમાંથી તમામ પ્રકારના વ્યસનો દૂર થવાં જોઈએ.

- બાળકને સ્પર્શે તેવી કોઈપણ રેડીમેઈડ ચીજ-વસ્તુઓ વાપરવી નહીં.

- ખાંડ,મીઠું,તેલનો વપરાશ ઘટાડવો. તીખાં, તળેલાં, સ્વાદિષ્ટ વ્યંજનો ઘરમાં લાવવાં નહીં.

- સુતરાઉ કાપડમાંથી બનાવેલાં વસ્ત્રોનો ઉપયોગ કરવાનો જ આગ્રહ રાખીશું.

- ઋતુ અનુસાર આહાર-વિહારથી પ્રકૃતિમય જીવન બને તેમ કરવાથી હંમેશાં ફાયદો થાય જ છે.

એક માતા પોતાના ઘરમાં બે વર્ષના બાળક માટે ખરીદેલાં અંદાજે દશેક હજારનાં રમકડાંનો ભંગાર સો-દોઢસો રૂપિયામાં આપીને ઘરમાંથી ભંગાર દૂર કરે છે પરંતુ તે રમકડાંની આડઅસર બાળક પર થઈ હશે તે એટલી સરળતાથી નીકાળી શકાશે નહીં .તેથી માતાઓએ ચેતવાની જરૂર છે.કૃત્રિમ દુનિયા છોડી વાસ્તવિક દુનિયામાં જીવીએ. પતંગિયાનું રમકડું બાળકના હાથમાં થમાવી દેવાનું છોડી બગીચામાં તેને મુક્તપણે પતંગિયા પાછળ દોડવા દો.

ઋતુને અનુરૂપ જીવનશૈલી અપનાવો ખોરાક અને રહેણી-કરણીમાં જેટલો પ્રકૃતિનો સ્પર્શ રહેશે તેટલું બાળક શક્તિશાળી અને પ્રફુલ્લિત બનશે.

શ્રીકૃષ્ણને પ્રિય એવા પાંડવોનું પણ ચૌદવર્ષના વનવાસે ઘડતર કર્યું હતું.પ્રકૃતિના સાંનિધ્યમાં તેમનું ઘડતર થયું હતું. માણસ જેટલો પ્રકૃતિથી દૂર થાય તેટલું જીવન અસ્હય થઈ પડવાનું.લક્ષ્મણ અને જાનકીએ પણ રાજ મહેલના સુખ ત્યજી શ્રી રામ સાથે વનવાસ જવાનું પસંદ કર્યું હતું.તેમણે પણ પ્રકૃતિના સાંનિધ્યને પ્યારું ગણ્યું હતું.ભારતની ઋષિ અને કૃષિ સંસ્કૃતિ એ પ્રકૃતિદત્ત છે.આપણા સંસ્કાર-વારસાને ઊજાગર કરતું 'પ્રકૃતિ-પુષ્પ'અર્પણ કરું છું.

૨.જીવનઘડતરનું સુવર્ણ પુષ્પ

- શ્રી આઈ.એન.પટેલ



એક સુસંસ્કારી ઘરની દિકરી ઉચ્ચ શિક્ષણ મેળવી સૌની લાડકી બની.જેની દીર્ઘદ્રષ્ટિએ પોતાની ઊજડતી જિંદગીને બચાવી લીધી.સૌમ્યાએ ખંત-મહેનત ને લગનથી એમ.બી.એ.નો અભ્યાસ પૂર્ણ કરી અતિ સન્માનનિય નોકરી મેળવી લીધી હતી.તેનો સુખી-સંપન્ન ને ઊંચો પગાર ધરાવતા 'ઉરવીસ' સાથે સામાજિક રીતે વિવાહ નક્કી થયો હતો.તેઓ એક-બીજાને હળતાં મળતાં રહેતાં હતાં.ઉરવીસ એક દિવસે સૌમ્યાને એક પાર્ટિમાં લઈ ગયો.તેણે સૌમ્યાને કહ્યું :

'જો,આ આપણી દુનિયા છેઃખૂબ મહેનતથી કામ કરો,પૈસા કમાઓ અને વીક એન્ડ પાર્ટીમાં એશ કરો.એ જ ખરી જિંદગી છે.એવું જ જીવન આપણે જીવવાનું છે.'

શરાબ-શબાબ ને કાન ફાડી નાખે તેવા ઊંચા અવાજે વાગતા સંગીત સાથે થડકતું યુવાધન જોઈને સૌમ્યા તો દંગ જ રહી ગઈ.સંસ્કારી ઘરની દિકરીને આ કલ્ચર જચે ખરું?તેનો અહીં દમ ઘૂંટતો હતો.તેને તો જેમ બને તેમ જલદી અહીંથી બહાર નીકળવું હતું.તેણીએ હિંમત કરી બારણાને જોરથી ધક્કો માર્યો.બારણું ઉઘડતાં જ રાત્રિના અંધકારમાં હિંમત રાખી ને ઘેર પહોંચી ગઈ.એ રાત્રે જ 'મા'ને પત્ર લખે છે.

'મા'ને પત્ર

મારી પ્યારી..પ્યારી'મા'

'મા'તારી તબિયત સારી હશે. મારા વિશે તો તું વગર બતાવે જાણી લે છે, કે હું કેમ હોઈશ? હું નવા જમાનાની દિકરી છું પણ 'મા'! સંસ્કાર આદર્શો તો તારા જ છે. તેના વગર મારું જીવન શૂન્ય છે. મારા ભણતર કરતાં તારા સંસ્કારરૂપી ઘડતરનું મૂલ્ય લાખ ઊંચેરું છે 'મા'. આજે મને તેની પ્રતિતિ થઈ તેથી જ તો મને મારા માવતર પર ગૌરવ થાય છે.

'મા'અમારી પેઢી થોડી ઉતાવળી જરૂર છે. થોડા સમયમાં ઘણું બધું મેળવી લેવાની ઈચ્છા અમારા પર સવાર હોય છે. જીંદગીની આ દોડમાં તો હું આગળ રહી શકું એમ છું પરંતુ 'મા'હું તારા જેવી બનવા માગું છું. એટલું તો હું જાણું છું કે બધાને તારા જેવી 'મા'મળવી મુશ્કેલ છે. મારું સદ્ભાગ્ય કે મને દુનિયાની સૌથી દુલારી 'મા' મળી છે.



આઈ લવ યું 'મા'!

આઈ લવ યું ટુ મચ, માય બેસ્ટ મ..મા!

તારા જેવી માતાઓના સંસ્કારી સંતાનો જ સમાજને બચાવશે. અમે ભલે પૈસા પાછળ દોડતા રહીએ પરંતુ જીવનની સાચી થાપણ તે આપીને મારું જીવન સુગંધે ભરી દીધું છે 'મા'. તારા જેવી માતાઓના સંતાનો જ ભોગ-વિલાસ, વાસનાઓ અને અનૈતિકતાથીભર્યા સમાજમાંથી સંસ્કૃતિને બચાવી શકશે.

આજની બેટીઓની નૈતિક જવાબદારી છે કે તેઓ સમાજની છબી સુધારે.

'મા'તારી બેટી અનૈતિક રસ્તે ચાલી નીકળેલા ઉરવીસને ભૂલી ગઈ છે. તને ભલે થોડું દુ:ખ થશે પરંતુ એ સત્ય છે. જીવન માત્ર પૈસાથી જ ચાલે છે એવું નથી, એ વાત મને સમજાય ગઈ છે. 'મા'તારી સંસ્કારિતા મને ગમે છે. 'મા'તને સહર્ષ વંદન કરી પરમેશ્વરનો આભાર માનું છું કે મને તારા પેટે અવતરવાની તક મળી. એ રાત્રિના દુ:ખદ પ્રસંગને હું ભૂલવા માગું છું. મને ખાત્રી છે કે તને તારી દિકરી પર ગર્વ થશે. પણ એવી કમભાગી અસંખ્ય દિકરીઓ છે કે જેમને એવી નર્કભરી જિંદગીમાંથી છોડાવવી પડશે.

હું હંમેશાં તે માટે પ્રયત્ન કરીશ.

ઘણું કહેવું છે , પણ ?બસ 'મા'તું પણ થાકી હોઈશ.

તારી લાડલી 'સૌમ્યા'.

આવી દિકરીઓ સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ છે. તેમના હેતે વધામણા કરીએ. ધન્ય છે એ જનેતાને જેણે સંસ્કારસિંચનનું કાર્ય કરી ગુણસંપન્ન સંતાનોનું ઘડતર કર્યું છે. આપને આ લેખ ગમ્યો હશે. સમાજની પ્રત્યેક વ્યક્તિને આ સત્ય સંદેશ પહોંચે તેમ કરવું એ પણ સંસ્કૃતિ ઘડતરમાં સેવાનું કાર્ય લેખાશે. આભાર સહ વાચક મિત્રોને પ્રેમભર્યા 'વંદન'.


નીંદર..*નીંદર..નીંદર*


પાછલી રાતુંની મારી નીંદરા ડોળાણી,ને
આગલી રાતુંના ઉજાગરા ઓ જી રે!
ધરતી ધાવણધારા,
ધરતી ધાવણધારા ઊંડી રે શોષાણી,ને
આગ અંગાર ઊઠે આભમાં ઓ જી રે!
લ્હેકી લબુંચી મારી
લ્હેકી લબુંચી મારી વાડીયું વેરાણી,ને
આંગણે ઝીંકાઈ રહ્યાં ઝાંખરાં ઓ જી રે!
કેસરે મ્હેકન્ત ક્યારી
કેસરે મ્હેકન્ત ક્યારી,ઉરની ઉજાડી,ને
આંખે અંધારાં ઘોર આંજિયાં ઓ જી રે!
પાછલી રાતુંની મારી નીંદરા ડોળાણી,ને
આગલી રાતુંના ઉજાગરા ઓ જી રે!

- સુન્દરજી બેટાઈ


ISSN 2455-1236
હાલો ભેરુ ગામડે
મે-૨૦૧૬
અંક-૬
સળંગ અંક-૧૬
My Devotion For Better Society
Village Empowerment
ભારતીય સંસ્કૃતિનું ગૌરવશાળી નજરાણું એટલે ...
હાલો ભેરુ ગામડે
Gujarat Sthapana Din .....1 st May


ISSN 2455-1236
હાલો ભેરુ ગામડે
ઓક્ટોમ્બર-૨૦૧૮
અંક-૧૦
સળંગ અંક-૪૫
My Devotion For Better Society
Village Empowerment
Happy Dipawali...
ભારતીય સંસ્કૃતિનું ગૌરવશાળી નજરાણું એટલે ...
હાલો ભેરુ ગામડે
दिपावलीना मंगलपर्वे हार्दिक शुभेच्छा


હાલો ભેરુ ગામડે
માર્ચ-૨૦૧૮
અંક-૩
સળંગ અંક-૩૮
My devotion for better society
Village Empowerment
ભારતીય સંસ્કૃતિનું ગૌરવશાળી નજરાણું એટલે ...
હાલો ભેરુ ગામડે


હાલો ભેરુ ગામડે
એપ્રિલ-૨૦૧૮
અંક-૪
સળંગ અંક-૩૯
My devotion for better society
Village Empowerment
ભારતીય સંસ્કૃતિનું ગૌરવશાળી નજરાણું એટલે ...
હાલો ભેરુ ગામડે